Thursday, 06 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક



જે સમયનો વ્યય નથી કરતા એટલે કે જે સમય બચાવે છે તેઓ ધન બચાવે છે અને બચાવેલું ધન કમાયેલા ધન સમાન હોય છે. -મહાત્મા ગાંધીજી

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૭૮ ● સંવત-૨૦૮૨ કારતક વદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણમાં પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણીમાં ૬૨.૮૦ ટકા થયું શાંતિપૂર્ણ મતદાન

### જિલ્લા પંચાયતના સભ્ય અને ગ્રા.પં.ના સરપંચો માટે ૬૬.૧૬ ટકા અને નગરપાલિકામાં ૫૮.૪૩ ટકા થયેલું મતદાન







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

આજે કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી. દમણમાં જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતોના સરપંચ અને નગરપાલિકાની ચૂંટણી માટે મતદારો વહેલી સવારથી જ મતદાન કરવા માટે લાઈનમાં ઉભા હતા. બપોરે મતદાન ધીમું પડ્યું હતું, પરંતુ સાંજ સુધીમાં ફરી વધ્યું હતું. મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું, જેમાં યુવાનો ખૂબ ઉત્સાહિત જોવા મળ્યા હતા. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ બૂથ પર મતદારોની સંખ્યામાં પણ વધારો થયો હતો.

દમણમાં જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતોના સરપંચો અને નગરપાલિકાની ચૂંટણી માટે ઉભા કરાયેલા ૧૨૦ બૂથ પર સવારે ૮ વાગ્યાની આસપાસ મતદાન શરૂ થયું હતું. સવારે મતદાનની ગતિ ધીમી હતી, પરંતુ ૧૧ વાગ્યા પછી અચાનક તેજી આવી હતી. મતદારો મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચ્યા, તેથી બપોરે ૧:૦૦ વાગ્યે પંચાયતોમાં ૪૬.૬૧ ટકા અને દમણ નગરપાલિકામાં ૩૩.૪૩ ટકા મતદાન થયું હતું. બે કલાક પછી, પંચાયતો અને નગરપાલિકાઓમાં મતદાન ટકાવારી ૧૨ ટકા વધીને ૫૮.૦૮ અને ૪૫.૫૨ ટકા થઈ ગઈ. દિવસાંતે દમણમાં ૬૨.૮૦ ટકા મતદાન થયું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં દમણમાં સાંજે ૭ વાગ્યા સુધીમાં નગરપાલિકામાં ૫૮.૪૩ ટકા અને પંચાયતોમાં ૬૭.૧૬ ટકા મતદાન થયું છે. દમણ નગરપાલિકામાં કુલ ૬,૯૮૪ મતદારો છે. જ્યારે પંચાયતોમાં ૪૪,૨૦૭ મતદારો છે. જેમાંથી ન.પા.માં લગભગ ૪૦ટકા અને પંચાયતો માટે ૩૦ ટકા જેટલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો નથી.

## દાદરા નગર હવેલીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

### દાનહમાં જિ.પં.ની ૬ બેઠકો, ગ્રામ પંચાયતના સરપંચ માટે ૨૦ સેલવાસ ન.પા.ની ૧ બેઠક માટે થયું મતદાન







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૫**

આજે દાદરા નગર હવેલીમાં સ્થાનિક સ્વરાજની યોજાયેલી ચૂંટણીમાં દાનહ જિલ્લા પંચાયતના સભ્ય માટે ૦૬ બેઠકો ઉપર, ૨૦ ગ્રામ પંચાયતના સરપંચો અને સેલવાસ નગરપાલિકામાં એક વોર્ડના સભ્ય માટે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં ઉત્સાહ વધુ જોવા મળ્યો હતો. કુલ ૩૧૬ પોલિંગ બૂથ પર પ્રશાસન દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તમામ મતદાન મથકો પર મતદારો માટે પીવાના પાણીની, ટોયલેટની, ગરમીથી બચવા છાંયડાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પ્રશાસન દ્વારા પણ દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિક અને બીમાર વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક બૂથ પર ફર્સ્ટ એઈડ કીટ, વ્હીલચેરની સુવિધા ઉપલબ્ધ કરાઈ હતી. આ ચૂંટણીમાં પ્રથમવાર મતદાન કરનાર યુવાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

દાદરા નગર હવેલીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બપોરે ત્રણ વાગ્યા સુધીમાં પંચાયતોમાં ૭૦.૦૩ ટકા અને સેલવાસ નગરપાલિકામાં ૩૩.૩૧ ટકા જેટલું મતદાન થયું હતું. સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં દાદરા નગર હવેલીમાં પંચાયતોમાં કુલ ૭૮.૫૮ ટકા અને સેલવાસ નગરપાલિકામાં ૪૦.૯૪ ટકા મતદાન થવા પામ્યું છે. હવે આગામી ૦૮મી નવેમ્બર, ૨૦૨૫ના શનિવારના રોજ કરાડ કોલેજ પરિસર ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. ત્યારે કયા ઉમેદવારની જીત થશે તેના ઉપર તમામની મીટ મંડાયેલી છે.

## દીવ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો પર ૫૯.૦૯ ટકા શાંતિપૂર્ણ રીતે થયેલું મતદાન





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ,તા.૦૫**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી જેમાં મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા પસંદગીના ઉમેદવારને પોતાનો મત આપ્યો હતો. આ માટે મતદારો સવારથી જ મતદાન માટે લાઈનમાં ઉભેલા જોવા મળ્યા હતા. જેમાં દીવમાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થયું હતું. દીવ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીને લઈને મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર મતદાન પ્રક્રિયા માટે કુલ ૧૪ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતા, જેમાં બુચરવાડામાં ૪ અને વણાંકબારામાં ૧૦ મતદાન મથકો બનાવાયા હતા.

- (વધુ પાના નં.૭ પર)

### પંચાયતો અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની મતગણતરીને લઈ

## મોટી દમણ ફોર્ટ એરિયામાં ૮મી નવેમ્બરના સવારે ૬:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ રહેશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત અને દમણ અને સેલવાસ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૫ની મતગણતરી તા.૮.૧૧.૨૦૨૫ના રોજ ટી.ટી.આઈ. મોટી દમણ(કાઉન્ટિંગ હોલ) ખાતે યોજાશે. આ મત ગણતરીને ધ્યાનમાં લઈ કાયદો અને વ્યવસ્થા જાળવવા, મત ગણતરી પ્રક્રિયાનું સરળ અને સુગમ સંચાલન સુનિશ્ચિત કરવા અને મોટર વાહન અધિનિયમ - ૨૦૧૬ની કલમ ૧૧૫ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગી કરીને દમણ જિલ્લા મેજીસ્ટ્રેટ અને જિલ્લા કલેક્ટર તથા પંચાયત અને નગરપાલિકાઓ- ૨૦૨૫ની સામાન્ય ચૂંટણીઓ માટેના રિટર્નિંગ ઓફિસર શ્રી સૌરભ મિશ્રા દ્વારા આદેશ આપવામાં છે કે, ફોર્ટ એરિયા મોટી દમણની આસપાસના વિસ્તારમાં તા.૮.૧૧.૨૦૨૫ના શનિવારના રોજ તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર સખત પ્રતિબંધ રહેશે, સિવાય કે સરકારી ફરજ પરના સરકારી વાહનો, કલેક્ટર કચેરી દમણ તરફથી જારી કરાયેલ પરમિટ ધરાવતા મતગણતરી ફરજ માટે તૈનાત અધિકારીઓના વાહનો, મતગણતરી માટે આવતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/ગણતરી એજન્ટોના વાહનો, દમણ કલેક્ટર કચેરી તરફથી જારી કરાયેલ પરમિટ ધરાવતા વાહનો, કટોકટી સેવાઓના વાહનો, (દા.ત.એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, પોલીસ વગેરે), દમણના સી.એચ.સી. ખાતે તબીબી સારવાર માટે આવતા વ્યક્તિઓને લઈ જતા વાહનો, ફોર્ટ વિસ્તાર મોટી દમણના સ્થાનિક રહેવાસીઓના વાહનો.

આ આદેશનું ઉલ્લંઘન કરનારાઓ કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ યોગ્ય કાર્યવાહીને પાત્ર ઠરશે. જેમાં વાહનો જપ્ત કરવા અને નિયમો અનુસાર દંડનો પણ સમાવેશ થાય છે. આ આદેશ તા.૮.૧૧.૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. આ તમામ વ્યવસ્થાનું નિયમન દમણના પોલીસ અધિક્ષકશ્રીની રાહબરી હેઠળ કરવામાં આવશે.

## નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમો માટે પ્રવેશ નીતિ જાહેર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૫**

નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે દાનહ - સેલવાસ ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની પ્રવેશ નીતિ જાહેર કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સેલવાસ ખાતે ગયા વર્ષે અનુસ્નાતક અભ્યાસક્રમો (PG) શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં ગયા વર્ષે ૭ વિષયો માટે કુલ ૨૬ બેઠકો મંજૂર કરવામાં આવી હતી, અને આ વર્ષે ૫ વિષયો માટે ૧૮ બેઠકો મંજૂર કરવામાં આવી છે, જેનાથી ૧૨ વિષયો માટે કુલ ૪૪ બેઠકો થઈ છે. પી.જી. કોર્સ પ્રવેશ નીતિ અને વધુ માહિતી માટે, કૃપા કરીને કોલેજની વેબસાઈટ http://www.namomeri.in અથવા http://www.ddd.gov.inની મુલાકાત લો.




**Pine Labs Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public issuance of its Equity Shares and has filed the Red Herring Prospectus dated October 31, 2025 (the **"RHP"**) with the Registrar of Companies, Delhi and Haryana at New Delhi. The RHP is available on the website of the Company at www.pinelabs.com, as well as on the websites of the Book Running Lead Managers (the **"BRLMs"**), i.e., Axis Capital Limited, Morgan Stanley India Company Private Limited, Citigroup Global Markets India Private Limited, J.P. Morgan India Private Limited and Jefferies India Private Limited at www.axiscapital.co.in, www.morganstanley.com/india, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.jpmipl.com and www.jefferies.com, respectively and is available on the website of SEBI at www.sebi.gov.in and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section entitled "*Risk Factors*" on page 60 of the RHP and the details set out in the RHP. Any potential investor should not rely on the draft red herring prospectus dated June 25, 2025 for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States solely to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. There will be no public offering in the United States.




## સુવિચાર - સદ્વિચાર

મિત્રતા એ સાચા દિલની ઓળખ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ત્યજી દે સત્વરે કાગળ, તને માફક નહીં આવે

ત્યજી દે સત્વરે કાગળ, તને માફક નહીં આવે,
ગઝલ છે ભેજવાળું સ્થળ, તને માફક નહીં આવે.

ભલેને સાવ છે નિર્મળ, તને માફક નહીં આવે
જરા ખારું છે અશ્રુજળ, તને માફક નહીં આવે.

કદી તું ગણગણી લે શામે-ગમનાં ગીત, અલગ છે વાત,
આ રહેવું કાયમી વિહવળ, તને માફક નહીં આવે.

તું ટેવાયો છે ચોક્કસ રાહ પર રહેવાને અગ્રેસર,
ભટકવું કોઈની પાછળ, તને માફક નહીં આવે.

તું તારા ફાર્મહાઉસમાં લગાવી દે ફૂવારાઓ,
વરસતી હેલી ને ખળખળ તને માફક નહીં આવે.

તું ઝુમ્મરની જ ઝાકમઝોળથી કર તારું ઘર રોશન,
મીંચેલી આંખનું ઝળહળ તને માફક નહીં આવે.

ગમે તે પી લઈને તર થવાને નામે ડૂબી મર,
તરસની નાવ ને મૃગજળ તને માફક નહીં આવે.

ચળકતી ચાંદનીમાં શબ્દની, બેફિક્ર બેઠો રહે,
ઉકળતા લોહીની ચળવળ તને માફક નહીં આવે.

તું ચાવ્યાં કર ફકત પીળાં પડેલાં પાન ગ્રંથોના,
વિકસતી તાજી આ કુંપળ તને માફક નહીં આવે.

- પંકજ વખારિયા

## આજની જોક

આપણે સાથે જમીએ તો કેવું
'ઘણું જ સરસ.
આવતી કાલે હું તમારે ત્યાં જમવા આવીશ !'

## કબીર વાણી

**મનુષ્ય જન્મ તોંકો દિયો; ભજવેકો ગોવંદ;**
**તું અપને કરને આપકો, કહાં કહાં બંધાયે ફંદ?**

**- અર્થાત-**

માણસનો અવતાર તને મળ્યો, તે ઈશ્વરને ભજવાને અને પિછાણવા માટે, ત્યારે તું તે (ઉત્તમ કાર્ય) નથી કરતો ને બીજાં નકામાં ફંદોમાં પડી, તારા પોતાના હાથે તું કાં બંધાઈ જાય છે?

## આજનો દિન વિશેષ

### મારવાડના વિજય સિંહ

વિજય સિંહ (૬ નવેમ્બર ૧૭૨૯ - ૧૭ જુલાઈ ૧૭૯૩), મારવાડ રાજ્યના મહારાજા હતા. તેણે ૨૧ સપ્ટેમ્બર ૧૭૫૨ - ૩૧ જાન્યુઆરી ૧૭૫૩ અને સપ્ટેમ્બર ૧૭૭૨ - ૧૭ જુલાઈ ૧૭૯૩ સુધી શાસન કર્યું.

૨૧ સપ્ટેમ્બર ૧૭૫૨ના રોજ તેમના પિતા બખ્ત સિંહના મૃત્યુ બાદ તેઓ સફળ થયા. તેમણે થોડા સમય માટે અજમેર પુનઃ પ્રાપ્ત કર્યું અને સોઢા કુળમાંથી ગોડવાર (મેવાડમાંથી) અને ઉમરકોટ કબજે કર્યુ.૩૧ જાન્યુઆરી ૧૭૫૩ના રોજ તેમના પિતરાઈ ભાઈ રામ સિંહ દ્વારા તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા. ૧૭૭૨ માં રામ સિંહના મૃત્યુ પછી તેઓ બીજી વખત ગાદી પર આવ્યા. મહાદાજી સિંધિયાના નેતૃત્વમાં મરાઠાઓએ મારવાડમાં અસ્થિરતાનો લાભ લીધો. તુંગામાં મહાદાજીનું પહેલું આક્રમણ નિષ્ફળ ગયું હતું પરંતુ તે પાટણ અને મેર્તામાં રાજપૂતોને નિર્ણાયક રીતે હરાવવા સક્ષમ હતા. રાજપૂતો બેનોઈટ ડી બોઈની હેઠળના યુરોપીયન સશસ્ત્ર અને ફ્રેન્ચ પ્રશિક્ષિત સિપાહીઓ માટે કોઈ મેચ નહોતા, તેમની યુરોપીયન રણનીતિઓ રાજપૂતો દ્વારા અનુસરવામાં આવતા પરંપરાગત ભારતીય યુદ્ધ કરતાં ઘણી શ્રેષ્ઠ હતી. વિજય સિંહે મરાઠા લૂંટારાઓને બહાર ધકેલવાનો પ્રયાસ કર્યો પરંતુ મહાદાજી સિંધિયા દ્વારા પરાજય થયો. આ પરાજયને કારણે મારવાડની નાદારી થઈ અને મારવાડી ઉમરાવો દ્વારા ઘણા આંતરિક બળવા થયા. આખરે આનાથી મારવાડે ૧૮૧૮માં બ્રિટિશ શાસન સ્વીકાર્યું.

## રેસીપી : ફુદીનાનું રાયતું

### ફુદીનાનું રાયતું

ફુદીનાનું રાયતું બનાવવામાં સરળ અને ઝડપથી તૈયાર થઈ જાય એવી એક ભારતીય વાનગી છે જે સામાન્ય રીતે બપોરના અથવા રાતના ભોજનની સાથે પીરસવામાં આવે છે. તેને બનાવવા માટે તાજા ફુદીનાના પાન, દહીં અને થોડા મસાલા જ જોઈએ. તે સ્ટફ્ડ (ભરેલા) પરોઠા, વિભિન્ન પ્રકારના પુલાવ અને વેજ બિરયાનીની સાથે સરસ લાગે છે. તો આવો આજે આપણે આ રેસીપી (વિધિ)નું પાલન કરીને થોડી જ મિનિટોમાં ફુદીનાનું રાયતું બનાવતા શીખીએ.

**ઘટકો :** ૧ ૧/૪ કપ દહીં, ૧/૨ કપ ફુદીનાના પાન,૨ ટેબલસ્પૂન કાપેલા લીલા ધાણા, વૈકલ્પિક,૧/૨ - ૧ ટીસ્પૂન ખાંડ,મીઠું સ્વાદ પ્રમાણે એક ચપટી સંચળ, વૈકલ્પિક, ૧/૨ ટીસ્પૂન શેકેલા જીરાનો પાઉડર,૧/૪ કપ બારીક સમારેલી ડુંગળી વૈકલ્પિક, એક મિક્સર ગ્રાઈન્ડરના નાના જારમાં ૧/૨ કપ ફુદીનાના પાન, ૨ ટેબલસ્પૂન લીલા ધાણા, ૨ ટેબલસ્પૂન દહીં, ૧ ટીસ્પૂન ખાંડ અને મીઠું લો. **બનાવવાની રીત :** તેને પીસીને ચીકણી પ્યુરી બનાવો. એક બાઉલમાં વધેલું ૧ કપ, ૨ ટેબલસ્પૂન દહીં લો, તેને એક ચમચી અથવા વ્હિસ્કથી વલોવી લો. તેમાં સ્ટેપ-૨માં બનાવેલી ફુદીનાની પ્યુરી, ૧/૨ ટીસ્પૂન શેકેલા જીરાનો પાઉડર અને એક ચપટી સંચળ નાખોં. તેને બરાબર મિક્ષ કરો. તેમાં ૧/૪ કપ બારીક સમારેલી ડુંગળી નાખોં અને બરાબર મિક્ષ કરો. ફુદીનાનું રાયતું પીરસવા માટે તૈયાર છે. તેને વેજીટેબલ બિરયાની અથવા તમારી પસંદના પુલાવની સાથે અથવા લંચ અથવા ડીનરમાં પીરસો. જો શેકેલા જીરાનો પાઉડર ઉપલબ્ધ નથી તો તેને ઘરે બનાવવા માટે એક ટીસ્પૂન જીરાને એક કડાઈ અથવા તવામાં એક મિનિટ માટે અથવા જ્યાં સુધી સારી સુગંધ આવવા લાગે ત્યાં સુધી શેકો અને તેને સ્ટેપ-૧ માં ફુદીનાના પાન અને અન્ય સામગ્રીની સાથે પીસી લો. તીખું રાયતું બનાવવા માટે સ્ટેપ-૧ માં ફુદીનાના પાનની સાથે ૧-લીલું મરચું નાખોં અથવા એક ચપટી લાલ મરચું પાઉડર અથવા મરીનો પાઉડર નાખોં. સ્વાદાનુસાર હલ્કું નમકીન **પીરસવાની રીતઃ** તેને વેજ બિરયાની અથવા વેજ પુલાવની સાથે લંચ અથવા ડીનરમાં પીરસો. તે સ્ટફ્ડ (ભરેલા) પરોઠાની સાથે પણ સરસ લાગે છે.

---

### સ્વામિનારાયણ પાર્ક પાંચ અલગ અલગ સેક્ટરમાં બનેલો છે

# નરોડા વિસ્તારમાં કોર્પોરેશનની સાંઠગાંઠથી રહીશો ફસાયા

## બીયુ પરવાનગી ન હોવા છતાં, બિલ્ડરે વેચાણ દસ્તાવેજો બનાવીને ગ્રાહકોને દુકાનો અને મકાનો વેચી દીધા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૫**

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ પાર્કમાં ૧૬૦૦ મકાનો અને ૨૦૦ દુકાનો દસ વર્ષથી બાંધકામ પરવાનગી વગર કાર્યરત છે. પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટર ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે છેલ્લા દસ વર્ષથી કથિત રીતે સાંઠગાંઠ કરનારા મ્યુનિસિપલ અધિકારીઓ હવે દુકાનો ખાલી કરવા માટે ત્રણ દિવસની નોટિસ આપી રહ્યા છે, જેના કારણે દુકાનદારોમાં ભારે રોષ ફેલાયો છે.

જૂના GDCR હેઠળ બિલ્ડરની વારંવારની અરજીઓ કોર્પોરેશન દ્વારા સ્વીકારવામાં આવી ન હતી. પ્રવર્તમાન કાયદા હેઠળ બાંધકામને નિયમિત કરવા માટે બિલ્ડરને ઓનલાઈન અને ઓફલાઈન બાંધકામ સેસ ચુકવણી તેમજ ફાયર સેફ્ટી NOC મેળવવા વિનંતી કરવામાં આવી હતી.

૨૦૧૧ માં, આ પ્રોજેક્ટ જ્યાં બનાવવામાં આવ્યો હતો તે વિસ્તાર AUDAના નિયંત્રણ હેઠળ હતો. તે સમયે, બિલ્ડરે AUDA પાસેથી બાંધકામ પરમિટ મેળવી હતી અને બે વર્ષમાં બાંધકામ પૂર્ણ કર્યું હતું. બીયુ પરવાનગી ન હોવા છતાં, બિલ્ડરે વેચાણ દસ્તાવેજો બનાવીને ગ્રાહકોને દુકાનો અને મકાનો વેચી



દીધા, અને ત્યારથી લોકો ત્યાં રહે છે. સ્વામિનારાયણ પાર્ક પાંચ અલગ અલગ સેક્ટરમાં બનેલો છે.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, બિલ્ડરની મૂળ યોજનામાં સંકુલના કેટલાક ભાગોમાં ખુલ્લી જગ્યાઓનો સમાવેશ થતો હતો. હવે, આ વિસ્તારોમાં દુકાનો બનાવવામાં આવી છે. આ દુકાનો યોગ્ય દસ્તાવેજો સાથે પણ વેચવામાં આવી છે. આ વિસ્તાર ૨૦૧૫ માં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવવામાં આવ્યો હતો. ફાઈલ કોર્પોરેશનમાં આવ્યા પછી કોણ પગલાં લેશે તે અંગે થોડી ખચકાટ પછી, કોર્પોરેશને બિલ્ડરને નોટિસ ફટકારી હતી, જેમ કે ઉત્તરઝોનના મ્યુનિસિપલ અધિકારી વિશાલ ખાનમાએ વાતચીતમાં જણાવ્યું હતું. છેલ્લા દસ વર્ષથી ઉત્તરઝોનમાં ફરજ બજાવતા ડેપ્યુટી એસ્ટેટ અધિકારીઓ અને વોર્ડ ઈન્સ્પેક્ટરો પણ કોઈ કાર્યવાહી કરવામાં નિષ્ક્રિય રહ્યા છે, જે ચર્ચાનો વિષય બન્યો છે.

બિલ્ડર અને મ્યુનિસિપલ કર્મચારીઓ વચ્ચેના કથિત મિલીભગતને કારણે હાલમાં નિર્દોષ લોકો પીડાઈ રહ્યા છે.

કોર્પોરેશનના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, બિલ્ડર ઉમંગ ઠક્કરને રૂ. સ્વામિનારાયણ પાર્ક માટે ઈમારત ઉપયોગ પરવાનગી મેળવવા માટે ૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. બિલ્ડર સામે કાર્યવાહી કરવાને બદલે, વહીવટીતંત્રે કબજેદારોને નોટિસ ફટકારી છે. ઈમ્પેક્ટ યોજના હેઠળ, બધા રહેણાંક બ્લોક અને દુકાન માલિકોએ તેમના બાંધકામોને નિયમિત કરવા માટે અલગ અલગ અરજીઓ સબમિટ કરી હતી. ૨૦૨૪ સુધીમાં યોગ્ય પુરાવા રજૂ કરવામાં ન આવ્યા હોવાથી, અરજીઓ ઓફિસમાં દાખલ કરવામાં આવી હતી.

---

### ક્રિકેટરે રોમેન્ટિક ફોટો પણ કર્યા શેર

# હાર્દિક પંડ્યાનો ગર્લફ્રેન્ડ સાથેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો



## પંડ્યા ગર્લફ્રેન્ડ મહિકા શર્મા સાથે સમય વિતાવી રહ્યો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૫**

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ખેલાડી હાર્દિક પંડ્યા ઈજાને કારણે ક્રિકેટ ટીમમાંથી બહાર છે. પંડ્યા હાલમાં તેની ગર્લફ્રેન્ડ મહિકા શર્મા સાથે સમય વિતાવી રહ્યો છે. હાર્દિકે તેના જન્મદિવસ પર મહિકા શર્મા સાથેનો ફોટો શેર કરીને તેમના સંબંધોની જાહેરાત કરી છે. હવે, હાર્દિક પંડ્યાએ મહિકા શર્મા સાથેનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં હાર્દિક ડિટર્જન્ટથી પોતાની કાર ધોતો જોવા મળી રહ્યો છે, જ્યારે મહિકા શર્મા કાર પર પાણી નાખી રહી છે. કાર ધોતી વખતે, મહિકા હાર્દિકના ગાલ પર કિસ પણ કરે છે. હાર્દિક અને મહિકાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

હાર્દિક પંડ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કેટલાક ફોટા અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેની સાથે મહિકા શર્મા પણ જોવા મળી રહી છે. હાર્દિકે મહિલા વર્લ્ડ કપ ફાઈનલ મેચ જોતાનો ફોટો શેર કર્યો છે, જેમાં તે પાણીપુરી ખાતો જોવા મળી રહ્યો છે. હાર્દિકે પોતાની લક્ઝરી કાર, લેમ્બોર્ગિની ચલાવતો એક વીડિયો પણ શેર કર્યો છે. આ ઉપરાંત હાર્દિકે મહિકા શર્મા સાથે સમુદ્રનો ફોટો પણ પોસ્ટ કર્યો છે. હાર્દિક પંડ્યાએ મહિકા શર્મા અને તેના પુત્ર અગસ્ત્ય સાથેના ફોટા શેર કર્યા છે. હાર્દિક પંડ્યાએ ૨૦૧૪ માં નતાશા સ્ટેનકોવિક સાથે છૂટાછેડા લીધા હતા. છૂટાછેડા પછી તેમનો પુત્ર અગસ્ત્ય ક્યારેક હાર્દિક સાથે તો ક્યારેક નતાશા સાથે જોવા મળે છે. પંડ્યા છેલ્લે ૨૦૧૫ ના એશિયા કપમાં ટીમ ઈન્ડિયા માટે રમતો જોવા મળ્યો હતો. હાર્દિકને શ્રીલંકા સામે એશિયા કપ સુપર ફોર મેચમાં ઈજા થઈ હતી, જેના કારણે તે એશિયા કપ ફાઈનલમાં રમી શક્યો ન હતો.

---

# સુરતમાં જમાઈએ કાકાસસરાને યુવતી સાથેનો ન્યૂડ વિડીયો બતાવી ૧૦ કરોડ માગ્યા

## વિડીયો એડીટીંગ હોવાનું કાકા સસરાનું નિવેદનઃ કાકા સસરાએ અડાજણ પોલીસ મથકમાં જમાઈ સહિત ૩ વિરુદ્ધ નોંધાવ્યો ગુનો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૫**

સુરત શહેરના પુણાગામ વિસ્તારમાં રહેતી યુવતી થોડા દિવસ અગાઉ જયાં નોકરી કરતી હતી, ત્યાં દિવાળી બોનસ લેવા માટે ગઈ હતી. આ સમયે ઓફિસમાં ઘુસી આવેલા કાકાના જમાઈ અને મિત્રોએ કાકાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેમને ચપ્પુ બતાવી બિલ્ડર કાકાની ઓફિસમાં મુકેલા રોકડા રૂપિયા -પાંચ લાખ બળજબરીથી લઈ લીધા હતા.

એટલું જ નહીં પરંતુ વધુ રૂપિયા ૧૦ કરોડની માંગણી કરી 'જો તમે પૈસા નહીં આપો તો આ ન્યુડ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી' આપી હતી. જેથી આખરે ભોગ બનનાર યુવતીએ મામલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય ઈસમો સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી હતી.

પુણાગામ વિસ્તારમાં સીતાનગર ચોકડી પાસે રહેતી યુવતી અડાજણ વિસ્તારમાં ભૂલકા ભવન પાસે આવેલ એસ્કોન પ્લાઝામાં બિલ્ડર વરજાંગ કાકાની ઓફિસમાં નોકરી કરતી હતી. દિવાળી સમય હોવાથી



બોનસ લેવા માટે યુવતી વરજાંગ કાકાની ઓફિસે ગઈ હતી. ગત તારીખ ૨૧-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં યુવતી વરજાંગ કાકાની ઓફિસમાં બોનસ લેવા માટે ગઈ ત્યારે તેમના જમાઈ જય ડાંગર, તેના મિત્ર પ્રશાંત પટેલ તથા અજાણ્યો ઈસમ અચાનક જ તેમની ઓફિસમાં ઘૂસી ગયા હતા અને કાકાને ગાળો આપી ધિક્કા મુક્કીનો ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

એટલું જ નહીં પરંતુ વરજાંગ કાકાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પોલીસ ફરિયાદ નોંધાવનાર યુવતી સાથેના ન્યૂડ ફોટો અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ચપ્પુ બતાવ્યું હતું અને વરજાંગ કાકા પાસે બળજબરીથી કોરા તથા લખાણ કરેલા કાગળોમાં સહીઓ કરાવી અંગૂઠાના નિશાન કરાવી લીધા હતા. સાથે સાથે યુવતીની પણ છેડતી કરી હતી. આ ઉપરાંત બિલ્ડરને ધાક ધમકી આપી ઓફિસના ડ્રોવરમાં મુકેલા રોકડા રૂપિયા પાંચ લાખ બળજબરીથી પચાવી પાડ્યા હતા અને કાકા સસરાને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી વધુ રૂપિયા ૧૦ કરોડની ખંડણીની માંગ કરી હતી.

જોકે બાદમાં ત્રણેય પાંચ લાખ લઈ ધમકી આપી ઓફિસમાંથી નીકળી ગયા હતા. આખરે ભોગ બનનાર યુવતીએ આ મામલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વરજાંગ કાકાના જમાઈ જય ડાંગર, પ્રશાંત પટેલ અને અજાણ્યા ઈસમ સામે ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે બનાવમાં ગુનો દાખલ કરી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી.

---

### કમિશન ૩૦ હજાર કરવા પુરવઠા વિભાગ દરખાસ્ત કરશે

# મોટાભાગની માગણીઓ સ્વીકારાતા રેશનિંગ દુકાનદારોની હડતાલ સમેટાઈ

**રાજ્યભરમાં રેશનિંગની ૧૭ હજાર દુકાનોમાં ૨૦ મુદ્દાઓની સરકાર સમક્ષ રજૂઆત કરીને ૧ નવેમ્બરથી હડતાલ શરૂ કરવામાં આવી હતી**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૦૫**

નવેમ્બરના પ્રારંભથી શરૂ થયેલી રેશનિંગના દુકાનદારોની હડતાલ સરકાર સાથે યોજાયેલી બેઠક બાદ સમાધાન થતા છેવટે સમેટાઈ લેવામાં આવી છે. સરકાર દ્વારા રેશનિંગ એસો.ના દુકાનદારોના સંગઠનો દ્વારા રજૂ કરાયેલા પડતર પ્રશ્નોમાંથી મોટાભાગના સ્વીકારી લેવાયા છે જ્યારે દુકાનદારોનું કમિશન ૨૦ હજાર રૂપિયાથી વધારીને ૩૦ હજાર કરવા બાબતે પુરવઠા વિભાગ નાણા વિભાગને ૧૫ દિવસમાં દરખાસ્ત કરશે તેવી હૈયાધારણ અપાઈ છે. રાજ્યભરમાં રેશનિંગની ૧૭ હજાર દુકાનોમાં ૨૦ મુદ્દાઓની સરકાર સમક્ષ રજૂઆત કરીને ૧ નવેમ્બરથી હડતાલ શરૂ કરવામાં આવી હતી. જેમાં પુરવઠા વિભાગના દુકાન -દારોના અનાજ વિતરણ માટેના સર્વેમાં વારંવાર ટેકનીકલ ખામીઓ, અનાજની ઘટનો પ્રશ્ન અને કમિશન વધારવાની મુખ્ય માગણી હતી. પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે એસોસિએશનના પદાધિકારીઓની મીટીંગ બાદ સરકારે આઠ જેટલી માગણી સ્વીકારી લીધી હતી પરંતુ તેનો સ્વીકાર કર્યાની માહિતી લેખિતમાં ન અપાતા હડતાલ યથાવત રહી હતી. મંગળવારે નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી અને પુરવઠા નિયામક મયૂર મહેતાની ઉપસ્થિતિમાં સચિવાલય ખાતે ફરી લાંબી બેઠક યોજાયા બાદ ૧૦૦ કિલો સામે અત્યાર સુધી ૧૫૦ રૂપિયા મળતા હતા તે હવે ૩૦૦ રૂપિયા મળશે અને ૩૦ હજાર રૂપિયા સુધી કમિશન અપાશે તેવી હૈયાધારણ આપ્યા બાદ છેવટે હડતાલ સમેટી લેવામાં આવી હતી. તે સાથે પુરવઠા તંત્ર દ્વારા એસો.ની માગણીઓનો હકારાત્મક પ્રતિભાવ અપાયો છે. અનાજનો જથ્થો યોગ્ય વજન પ્રમાણે છે કે નહીં તે માટે દુકાનદારોને પહેલા બાયોમેટ્રિક પધ્ધતિમાં તકેદારી સભ્યોના ૮ સભ્યોની સહી લેવી પડતી હતી તેના બદલે બે સભ્યોની સહીથી જથ્થો લીધા બાદ દુકાનદારો તેમનું ચલણ જનરેટ કરી શકશે તેને પણ મંજૂરી અપાઈ છે. તે સહિત અન્ય પ્રશ્નો પણ સ્વીકારી લેવાયા છે. તેના કારણે બુધવારથી રાબેતા મુજબ અનાજ વિતરણ ચાલુ કરી દેવામાં આવશે. જો કે અગાઉ દુકાનદારોએ સરકારની સતત અપીલ છતાં જથ્થો ન ઉપાડતા ગ્રાહકોને મહિનાના પ્રારંભે જે અનાજના જથ્થાથી વંચિત રહેવું પડ્યું હતું. તેના કારણે સરકારે ખાસ કરીને તાલુકા-જિલ્લા સ્તરે સહકારી મંડળીઓને તાકીદે વિતરણ વ્યવસ્થા શરૂ કરવા માટે લેખિતમાં આદેશ આપ્યા હતા.

---

### દર્દીઓની હાલત દયનીય બની

# રાજકોટની સિવિલ હોસ્પિટલમાં કાર્ડિયાક વિભાગની આધુનિક કેથ લેબ બંધ હાલતમાં

## જવાબદાર અધિકારીઓએ આ સુવિધાનો લાભ નાગરિકોને મળે તે માટે પગલાં લેવા જોઈએ પણ દુર્ભાગ્યપણે એવું થતું નથી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ, તા.૦૫**

જનતાની તિજોરીમાંથી ૧૦ કરોડના ખર્ચે આ કેથ લેબ બની છે. બે વર્ષ પહેલા સપ્ટેમ્બર ૨૦૨૩માં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ લેબનું લોકાર્પણ કર્યું હતું. ત્યારે તંત્રએ મોટી મોટી વાતો કરી હતી. જોકે હાલ આ લેબની આધુનિક મશીનરીઓ ધુળ ખાઈ રહી છે. એક પ્રકારે આ પબ્લિક મનીનો વ્યય છે. જવાબદાર અધિકારીઓએ આ સુવિધાનો લાભ નાગરિકોને મળે તે માટે




પગલાં લેવા જોઈએ પણ દુર્ભાગ્યપણે એવું થતું નથી.

પછી આ મશીનરી ચલાવી શકે તેવા ડોકટરોના અભાવના કારણે લેબ બંધ રહી. એ પછી અમદાવાદની સુપ્રસિદ્ધ યુ. એન. મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા રાજકોટ સિવિલમાં કાર્ડિયાક વિભાગની સેવા તેમની ટીમ આપશે તેવી તંત્રએ જાહેરાત કરેલી.

જોકે હાલ યુ. એન. મહેતાના ડોકટરો માત્ર ઓપીડી સેવા આપે છે. આગળની સારવાર માટે અમદાવાદ જવાની સલાહ દર્દીઓને અપાઈ છે. રાજકોટ સિવિલની કેથ લેબ-કાર્ડિયોલોજી વિભાગમાં ૧૨ ચેનલ ઈ.સી.જી. મશીન, જનરલ સર્જરી ઈન્સ્ટ્રૂમેન્ટ સેટ, ડિજિટલ મેમોગ્રાફી સિસ્ટમ, હાઈ એન્ડ ઈકોકાર્ડિયોલોજી સિસ્ટમ (૪બી ઈકો), ન્યુરોસર્જિકલ ઓપરેટિંગ માઈક્રોસ્કોપ, કોમ્પ્યુટરાઈઝ્ડ રેડિયોગ્રાફિ યુનિટ ટી.એમ.ટી. મશીન, ઈકોકાર્ડિયોલોજી સિસ્ટમ વીથ એડવાન્સ ૨ડી ફેસિલિટી સિંગલ કાર્ડિયોવોસ્ક્યુલર કેથેરિસેશન વીધ ડિજિટલ સબટ્રેશન એન્જિયોગ્રાફી લેબ, ૩ડી મેપિંગ, કાર્ડિયોવોસ્ક્યુલર ઈલેક્ટ્રોફોરેસિસ અને રેડીયોફ્રિકવન્સી એબલેશન સિસ્ટમ, ૮૦૦ એમએ ડિજિટલ એક્સ-રે યુનિટ વિથ સિંગલ ડિટેક્ટર (ફ્લોર માઉનટેડ), ઈન્ટોઓપરેટીવ ન્યૂરોફિઝિયોલોજિકલ મોનિટરિંગ સિસ્ટમ, ઓસીટી એન્ડ એફઆર ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ, કલર ડોપલર સિસ્ટમ ૪૦, હાઈ સ્પીડ ઈલેક્ટ્રિક ડ્રીલ સિસ્ટમ, પોર્ટેબલ કલર ડોપલર, મોબાઈલ સી-આર્મ ઈમેજ નેફરોસ્કોપ, ૮૫ સિસ્ટોસ્કોપર એન્ડ ઓપ્ટિકલ યુરેથોટોમ, પોર્ટેબલ ઈકોકાર્ડિયોલોજી સિસ્ટમ છે. આ બધી સિસ્ટમ ઈન્સ્ટોલ છે. જેની સાધન સામગ્રી કરોડો રૂપિયાની છે. પણ હાલ તેનો કોઈ ઉપયોગ નથી.

---

### સિનિયર વિદ્યાર્થી દ્વારા જુનિયરને માર મારતા હડકંપ

# બાલાચડી સૈનિક સ્કૂલ રેગિંગના વીડિયોને કારણે વિવાદમા આવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જામનગર, તા.૦૫**

ગુજરાતની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા પૈકીની એક, જામનગર નજીક આવેલી બાલાચડી સૈનિક સ્કૂલ રેગિંગના ગંભીર મામલાને કારણે વિવાદના કેન્દ્રમાં આવી છે. શાળાના સંકુલમાં સિનિયર વિદ્યાર્થી દ્વારા એક જુનિયર વિદ્યાર્થીને માર મારવામાં આવી રહ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ, સૈનિક સ્કૂલ જેવા શિસ્તબદ્ધ વાતાવરણમાં આવી ઘટના બનતા સમગ્ર રાજ્યમાં શિક્ષણ જગતનું ધ્યાન ખેંચાયું છે.વીડિયો વાયરલ થતાં વાલીઓમાં ભારે રોષ ફેલાયો હતો. તેઓએ તાત્કાલિક એકઠા થઈને આ ગંભીર બાબતની નોંધ લેવા માટે જિલ્લા કલેક્ટરને સત્તાવાર રીતે રજૂઆત કરી હતી.

વાલીઓએ પોતાની ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ પ્રકારનું રેગિંગ અને હિંસા સૈનિક સ્કૂલના આદર્શોની વિરુદ્ધ છે અને આ ઘટના સંચાલકોની બેદરકારી દર્શાવે છે. વાલીઓએ આક્ષેપ કર્યો છે કે, શાળાના સંચાલકો વિદ્યાર્થીઓની સુરક્ષા અને તેમના માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે પૂરતું ધ્યાન આપી રહ્યા નથી. સૈનિક સ્કૂલમાં વિદ્યાર્થીઓને સૈન્યની તાલીમ માટે તૈયાર કરવામાં આવે છે, જ્યાં શિસ્ત અને ભાઈચારાનું સર્વોચ્ચ મહત્ત્વ હોય છે. ત્યારે આ પ્રકારની રેગિંગની ઘટના સંચાલકોની નિષ્ફળતા દર્શાવે છે. હવે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મામલે શું પગલાં લેવામાં આવે છે અને વિદ્યાર્થીઓની સુરક્ષા માટે કેવા કડક નિયમો લાગુ કરવામાં આવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

# આત્મસુધારણા દ્વારા જગતને સુધારવાનો દિવ્ય સંદેશ આપતાં ૭૮મા નિરંકારી સંત સમાગમનું સમાપન






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સમાલખા, તા.૦૫**

સમાલખા(હરીયાણા) ખાતે આવેલ સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ પર આયોજીત ચાર દિવસીય ૭૮મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના સમાપન દિવસે ઉપસ્થિત વિશાળ માનવ પરિવારને પોતાના પાવન આશિર્વાદ આપતાં સદ્‌ગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે કહ્યું હતું કે ‘‘નિરાકાર પ્રભુ-પરમાત્મા દ્વારા બનાવેલ આ જગતની દરેક વસ્તુ અત્યંત ખુબસૂરત છે. મનુષ્યે પ્રભુની રચનાનો આનંદ માણવો જોઈએ, પોતાની વિવેકબુદ્ધિને જાગૃત રાખીને તેનો દુરૂપયોગ ન કરતાં, સદ્‌ઉપયોગ કરવો જોઈએ.’’

આત્મમંથનના દિવ્ય ઉપદેશોના દ્વારા પોતાના જીવનનું કલ્યાણ કરવાની સાથે સાથે વિશ્વકલ્યાણની તરફ આગળ વધવાનો દિવ્યસંદેશ આપતા આ પાવન ૭૮મા નિરંકારી સંત સમાગમનું પ્રેમ અને ભક્તિના ગૌરવપૂર્ણ વાતાવરણમાં સમાપન થતાં સંત સમાગમમાં પધારેલ શ્રદ્ધાળુ ભક્તો ધીમે ધીમે પોતાના ગંતવ્ય સ્થાનો તરફ જવા લાગ્યા હતા. સત્‌ગુરૂ માતાજીએ આગળ કહ્યું કે અનેક કારણો અને વિચારો

## પરમાત્માએ બનાવેલા ખુબસૂરત જગતનો વિવેકપૂર્ણ સદ્‌ઉપયોગ કરીએઃ નિરંકારી સત્‌ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ

મનને પરેશાન કરવા આવે છે પરંતુ તેની અવગણના કરવાની કળા અમોને ફક્ત આત્મમંથનના દ્વારા જ પ્રાપ્ત થાય છે. આમ કરવાથી આપણે જીવનની મુશ્કેલ ક્ષણોને મર્યાદિત કરીને તણાવમુક્ત રહી શકીએ છીએ. જ્યારે આપણે દરેક વસ્તુનો ઉપયોગ કરતી વખતે આપણા મનમાં પ્રભુ-પરમાત્માની હાજરી અનુભવીએ છીએ, દરેક કર્મ કરતી વખતે નિરાકાર પ્રભુ-પરમાત્માને તેમાં સામેલ કરીએ છીએ ત્યારે મનમાં રહેલી અશાંતિ દૂર થાય છે અને શાંતિની લાગણી અનુભવાય છે, તેનાથી માનસિક-ભાવનાત્મક અને આત્મિક વિકાસ તરફ પ્રગતિ થાય છે. ગુરૂએ આપેલ શિક્ષણ અને માર્ગદર્શનનો આધાર લઈને અમારે અમારી આંતરિક યાત્રા આધ્યાત્મિક ઊર્જાથી ભરપુર કરવાની છે.

સત્‌ગુરૂ માતાજીએ દ્રષ્ટિકોણના પ્રભાવને એક ઉદાહરણ દ્વારા સમજાવતાં કહ્યું હતું કે એક વ્યક્તિ કોઈ બગીચામાં ફુલ જોયા પછી એમ કહે છે કે અહીંયાં તો કેટલા બધા કાંટા છે, તે જ સમયે બીજી વ્યક્તિ તે જ બગીચામાં આવીને કહે છે કે વાહ! અહીંયા તો કેટલા સુંદર ફુલો છે, કેટલી સુગંધ ફેલાયેલી છે, ફુલોમાં કેટલી કોમળતા છે અને જે કાંટાઓ છે તે તો આ ફુલોનું રક્ષણ કરવા માટે જરૂરી છે. આમ એક જ દ્રશ્ય જોઈને કેટલાક દુઃખી થાય છે તો કેટલાક ખુશ થાય છે. આ ફક્ત દ્રષ્ટિકોણનું પરિણામ છે. એક વ્યક્તિનું મન સંકુચિત હોય છે, જ્યારે બીજાના મનમાં વિશાળતા હોય છે. ભક્તો હંમેશા સકારાત્મકતાને અપનાવે છે અને ગુણોના ગ્રાહક બને છે જેનાથી તેમનું જીવન હંમેશાં આનંદીત રહે છે. અંતમાં સત્‌ગુરૂ માતાજીએ નિરંકારી શ્રદ્ધાળુ ભક્તોને સંત સમાગમમાંથી પ્રાપ્ત થયેલા દૈવી ઉપદેશોને તેમના જીવનમાં કર્મરૂપમાં લાવવા તથા આ જે સત્ય પ્રભુ-પરમાત્માનું જ્ઞાન અને સારા વિચારો મળેલ છે તેને પોતાના સુધી સિમિત ના રાખતાં સમગ્ર માનવ સમાજ સુધી ફેલાવવાનું આહ્‌વાન કર્યું હતું.

સમાપન સત્રમાં સંત સમાગમ સમિતિના સંયોજક અને સંત નિરંકારી મંડળના સચિવ આદરણીય જોગીન્દર સુખીજાજીએ સત્‌ગુરૂ માતાજી અને નિરંકારી રાજપિતાજીનો તેમના દિવ્ય આશિર્વાદ બદલ આભાર માન્યો હતો તથા સંત સમાગમમાં સહયોગ આપનાર હરીયાણા સરકારના વિવિધ વિભાગોનો હાર્દિક આભાર માન્યો હતો. તેમને આ સંત સમાગમમાં આ અગાઉના સંત સમાગમ કરતાં વધુ સંખ્યામાં સંતોની હાજરી બદલ ખુશી વ્યક્ત કરી અને ભવિષ્યમાં આનાથી વધુ વિકાસની કામના કરી હતી.

૭૮મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના ચારેય દિવસે કવિ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળ કવિઓ, મહિલાઓ તથા પુરૂષો સહિત ૩૮ કવિઓએ હિન્દી, પંજાબી, અંગ્રેજી, હરિયાણવી, મુલતાની, મરાઠી તથા ઉર્દૂ વગેરે ભાષાઓમાં ‘આત્મમંથન’ વિષય ઉપર પોતાની કવિતાઓ રજૂ કરી હતી, જેનો શ્રોતાઓએ ભરપુર આનંદ પ્રાપ્ત કર્યો હતો.

### કૃષિ મંત્રીએ આપી માહિતી

# ખેડૂત દીઠ ૧૨૫ મણ પાકની ટેકાના ભાવે કરાશે ખરીદી

## કેન્દ્ર સરકારે ટેકાના ભાવના વધારામાં જાહેરાત કરી છે ત્યારે નિયમ પ્રમાણે ખરીદ કેન્દ્રો દ્વારા ખરીદી થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૫**

રાજ્યમાં કમોસમી વરસાદ અને મગફળીના પાકને ધ્યાને લઈ સરકાર ૯મી નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી કરશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ મગફળી, અડદ, મગ અને સોયાબીનની ખરીદી માટે સાર્વજનિક રીતે ટેકાના ભાવની ખરીદીની જાહેરાત કરી હતી. SMSથી જાણકારી આપવામાં આવશે અને તે પ્રમાણે ખેડૂતો તેમનો જથ્થો પહોંચાડશે.

કેન્દ્ર સરકારે ટેકાના ભાવના વધારામાં જાહેરાત કરી છે ત્યારે નિયમ પ્રમાણે ખરીદ કેન્દ્રો દ્વારા ખરીદી થશે અને જરૂર પ્રમાણે સબ સેન્ટર પણ ખોલવામાં આવશે. ૧૨૫ મણ ખેડૂતની ખરીદી કરવાની સૂચના



રાજ્યની સરકારે આપી છે. કેન્દ્રનાં નિયમો મુજબ નિર્ણય લેવામાં આવ્યો છે અને સમગ્ર દેશમાં આ પ્રમાણે ખરીદી થઈ હતી. ભારત સરકારે મગફળીના ભાવ, મગના ભાવની ખરીદીમાં વધારો કર્યો છે. ભારત સરકાર નિયમ પ્રમાણે ૨૫ % ની ખરીદીની જોગવાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા એનાથી વધુ ખરીદી થાય એ પ્રમાણે સપ્રમાણમાં ખરીદી કરી શકાય એ પ્રમાણે સરકાર ખરીદી કરશે. જ્યારે રાહત પેકેજ માટે સરકાર દ્વારા કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

૭૨૬૩ રૂ. પ્રતિ ક્વિન્ટન કિંમતે મગફળી ખરીદી કરવામાં આવશે. ગત વર્ષે ૩.૫ લાખ ખેડૂતોની નોંધણી થઈ હતી, અને સરકાર ખેડૂતોની બજાર બહાર મદદ કરી હતી. આ વખતે ૯.૫ લાખ મગફળીનું વાવેતર છે અને ગત વર્ષની સરખામણીએ ઓછું હતું. તેમણે જણાવ્યું કે આગમી સમયમાં જરૂરી પરિપત્રો કરવામાં આવશે. કમોસમી વરસાદના નુકસાનને જોતા નિયમો મુજબ જ ખરીદી થશે.

### મતદાર વેરિફિકેશનની પ્રક્રિયામાં

# શિક્ષકો BLO તરીકે ગેરહાજર રહેશે તો ધરપકડ વૉરન્ટ ઈશ્યૂ થશે

## રાજ્યભરના પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને બીએલઓ(બુથ લેવલ ઓફિસર)ની કામગીરીના ઓર્ડર કરવામાં આવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૦૫**

ઈલેક્શન કમિશનની જાહેરાત બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવિઝનની એટલે કે મતદાર યાદીના ખાસ વેરિફિકેશનની કામગરી શરૂ કરવામાં આવી છે ત્યારે રાજ્યભરના પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને બીએલઓ (બુથ લેવલ ઓફિસર)ની કામગીરીના ઓર્ડર થઈ ગયા છે. પરંતુ જેમાં મીટિંગમાં બીએલઓ તરીકે હાજર ન રહેનાર સામે ધરપકડ વોરંટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષણિક સંઘે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.શિક્ષકોને બુથ લેવલ ઓફિસર તરીકેની સોંપાયેલી કામગીરીમાં ગેરહાજર રહે તો ધરપકડ વોરન્ટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષિક મહાસંઘે ઉગ્ર વિરોધ નોંધાવતા આ મુદ્દે મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ પણ કરી છે. શૈક્ષિક સંઘે આ નિયમ દૂર કરવા અથવા આ પ્રથા બંધ કરવાની માંગ કરીને બીએલઓની કામગીરી માત્ર શિક્ષકોને જ ન આપી અન્ય સંવર્ગના કર્મચારીઓને પણ આપવા રજૂઆત કરી છે. શૈક્ષિક સંઘે રજૂઆત કરી છે કે જો કોઈ શિક્ષક-કર્મચારી કોઈ ખાસ કે અન્ય કારણોસર કામગીરી-મીટિંગમાં હાજર ન રહે તો તેની સામે ધરપકડનું વોરંટ ઈશ્યૂ કરવાનો નિયમ ગુલામપ્રથા જેવી પ્રથા છે. શિક્ષક સિવાયના અન્ય કોઈ કર્મચારી દ્વારા ભૂલ થાય તો ધરપકડ વોરંટ ઈશ્યૂ કરાયો હોય તેવુ ધ્યાનમાં નથી ત્યારે શિક્ષકો સામે જ આવો અન્યાય કેમ? શિક્ષકોનું સમાજમાં સન્માન જળવાઈ રહે તે માટે આ પ્રથા દૂર થવી જોઈએ. કેન્દ્રિય ચૂંટણી આયોગ દ્વારા બીએલઓના ઓર્ડર વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારીઓને જુદા જુદા સંવર્ગને ધ્યાને રાખી આપવા માટે સૂચના અપાઈ છે. આમ છતાં પણ કુલ બીએલઓની જગ્યાના ૯૦ ટકાથી વધુ જગ્યામાં શિક્ષકોને કામગીરી સોંપાઈ છે. જો બીએલઓ તરીકે શિક્ષક મીટિંગમાં કે કામગીરીમાં હાજર ન રહે તો એવામાં સ્કૂલમાં વેકેશન હોવાથી શિક્ષકો પણ ખુલાસાની યોગ્ય તક આપવી જોઈએ. હાલ રજાઓમાં વતન કે કોઈ સ્થળે ફરવા ગયા હોય કે પ્રસંગમાં ગયા હોય તો તેઓ હાજર ન રહી શકે ત્યારે તેઓને તક આપવી જોઈએ.

# જૂનાગઢના ભારતી આશ્રમમાંથી ગુમ થયેલા મહંત મળી આવ્યા!




(સંપૂર્ણ સમાચાર સેવા)
**જુનાગઢ, તા.૦૫**

ગિરનારની તળેટીમાં આવેલા ભારતી આશ્રમના લઘુ મહંત મહાદેવ ભારતી બાપુ ગુમ થયાના મામલાનો આખરે સુખદ અંત આવ્યો છે.

લાંબા સમયની શોધખોળ કર્યા બાદ મહાદેવ ભારતી બાપુ મળી આવ્યા છે. મહાદેવ ભારતી બાપુ જંગલ વિસ્તારમાંથી મળી વ્યા છે. બાપુને પ્રાથમિક સારવાર માટે જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ગુમ થયા બાદ બાપુની તબિયત નાદુરસ્ત હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. સ્યૂસાઈટ નોટ લખ્યા બાદ મહાદેવ ભારતી બાપુ ગુમ થયા હતા. મહાદેવ ભારતી બાપુ ગુમ થતાં ભવનાથ પોલીસ દ્વારા ગિરનારના જંગલમાં મોટું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સર્ચ ઓપરેશનમાં મોટો કાફલો જોડાયો હતો. જૂનાગઢની ૮ ટીમો દ્વારા જંગલમાં સઘન શોધખોળ કરવામાં આવી હતી.

કુલ ૩૦૦થી વધુ કર્મચારીઓઆ અભિયાનમાં જોડાયા હતા. જેમાં ૨૪૦થી વધારે પોલીસ સ્ટાફ, ૩૦થી વધારે વન કર્મચારીઓ, ૪૦થી વધારે SDRF જવાનો દ્વારા જટાશંકર વિસ્તાર પાસેથી આ વિશાળ સર્ચ ઓપરેશનની શરૂઆત કરવામાં આવી હતી. સર્ચ ટીમો વચ્ચે સતત સંકલન જળવાઈ રહે તે માટે તમામ ટીમો પાસે વોકીટોકી રાખવામાં આવી હતી.

### સાયબર સ્લેવરીનું રેકેટ

# ગુજરાતીઓને થાઇલેન્ડના માર્ગે ગેરકાયદે મ્યાનમાર લઈ જતી ગેંગ અંતે ઝડપાઈ

## પોરબંદરના હિતેશ સોમૈયા નામના આરોપીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૫**

ગુજરાતી અને ભારતીયોને થાઈલેન્ડના માર્ગે ગેરકાયદેસર મ્યાનમાર લઈ જઈ સાયબર સ્લેવરી કરાવતી એક ગેંગનો પર્દાફાશ ગુજરાત સાયબર સેન્ટર ફોર એક્સેલેન્સ દ્વારા કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે પોરબંદરના હિતેશ સોમૈયા નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપી દોઢ વર્ષ બાદ ભારત આવ્યો હોવાનું જણાય છે.




સાયબર ક્રાઈમ સેલના SP ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ભારતીયોને થાઈલેન્ડમાં લઈ જવામાં આવતા હતા, ત્યાંથી ગેરકાયદેસર મોઈ નદી ક્રોસ કરાવતા હતા અને ત્યાં જઈને સાયબર ફોડના કામ કરાવતા હતા. જેમાં મ્યાનમારમાં આરોપીઓ એક ઓફિસ ચલાવીને ભારતીય લોકોને ગુલામ બનાવવામાં આવતા હતા.

SPએ વધુમાં જણાવ્યું કે, આરોપીએ અને અન્ય પરત આવેલા લોકોએ કહ્યું કે થાઈલેન્ડમાં ચાઈનીઝ ડ્રાઈવર લેવા જતો, આ દરમિયન એમને નદીના રસ્તે પૂછવામાં આવતું કે નોકરી કરશો કે ભારત પરત ફરશો. સમગ્ર રેકેટમાં અલગ-અલગ યુનિટ બનાવવામાં આવતા હતા. જેમાં ભારતીય લોકો દ્વારા એમના ટાર્ગેટ પ્રમાણે કામ કરાવવામાં આવતું હતું. હોમસેંક કંપની દ્વારા સલૂન, સ્પા, કેસિનોની કોમેન્ટમાં પૈસાદાર લોકોની સ્ટડી કરીને તેમને ટાર્ગેટ કરતા હતા. તેઓ છૈંનો ઉપયોગ કરીને વીડિયો બનાવી હતા. પછી ફેસબુક દ્વારા સંપર્ક કરીને લોકોને વિશ્વાસમાં લેતા હતા અને ક્રિપ્ટોમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવતા હતા. આ લોકોએ પોર્ટલનું અલ્ગોરિથમ સેટ કર્યું હતું અને લોકોને છેતરપિંડી કરતા હતા. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, ટુરિસ્ટ વિઝા પર જતાં લોકો જો ૨૧ દિવસ કે મહિનામાં પરત ન આવે તો એમનું ફોલોઅપ લેવાની સલાહ આપવામાં આવી હતી.

# મહેસાણાઃ મોટી ઉંમરના પરણિત પુરુષ સાથે રહેવા ૨૩ વર્ષીય યુવતીની જીદ

## પિતા ચોધાર આંસુએ રડી પડ્યાઃ યુવતી એક સંતાનના પિતા સાથે ભાગી જતાં તેનાં માતા-પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મહેસાણા, તા.૦૫**

મહેસાણાની એક ૨૩ વર્ષીય યુવતીના કેસમાં ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. યુવતી તેના પિતાની ઉંમરના અને એક સંતાનના પિતા સાથે ભાગી જતાં, તેના માતા-પિતાએ દીકરીને ગેરકાયદે ગોંધી રાખવામાં આવી હોવાની રજૂઆત સાથે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી. જોકે, કોર્ટ સમક્ષ યુવતીએ જે રજૂઆત કરી, તેણે બધાને ચોંકાવી દીધા હતા અને અંતે કોર્ટે યુવતીને તેની મરજી મુજબ જવા આદેશ કર્યો હતો.

યુવતી ગુમ થતા તેના પિતાએ મહેસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસ સમયસર દીકરીને શોધી શકી ન હતી. આથી, માતા-પિતાએ હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરી હતી, જેમાં રજૂઆત કરી હતી કે તેમની પુત્રીને એક પરિણીત અને મોટી ઉંમરની વ્યક્તિએ ગેરકાયદે ગોંધી રાખી છે. પિતાએ એ પણ દલીલ કરી હતી કે જે વ્યક્તિ સાથે દીકરી રહે છે તે પાંચ વર્ષના સંતાનનો પિતા છે અને પત્ની તથા બાળક સાથે જ રહે છે. યુવતીને ભગાડવામાં અન્ય ૧૫ લોકોએ પણ મદદ કરી હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ બાદ પોલીસે યુવતીને શોધીને કોર્ટ સમક્ષ રજૂ કરી હતી.

કોર્ટ સમક્ષ હાજર થયેલી ૨૩ વર્ષની યુવતીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેને ગેરકાયદે ગોંધી રાખવામાં આવી નથી. તેણે દલીલ કરી કે તે પરિપક્વ છે અને પોતાનો નિર્ણય લેવા સક્ષમ છે. તે પોતાની મરજીથી પરિણીત પુરુષ સાથે રહે છે. તેનાં માતા-પિતા તેની યોગ્ય દરકાર રાખતા નથી, જ્યારે જે પુરુષ સાથે તે રહે છે તે તેની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે. યુવતી જૂન મહિનામાં ઘરેથી રૂપિયા અને પોતાના ઓળખ પુરાવા લઈને નીકળી ગઈ હતી.

કોર્ટે યુવતીને આ સંબંધના પરિણામો વિશે સમજાવવા પ્રયત્ન કર્યો હતો. કોર્ટે યુવતીને જણાવ્યું કે તે પુરુષ પહેલેથી જ પરિણીત છે, પત્ની-પુત્ર સાથે રહે છે અને ગમે ત્યારે આ સંબંધ તોડી શકે છે. જોકે, યુવતીએ પોતે બધું સમજીને નિર્ણય લીધો હોવાની દલીલ પર અડગ રહી. માતા-પિતા અને કોર્ટના સમજાવવા છતાં, યુવતીએ પરિણીત પુરુષ સાથે રહેવાની જીદ ન છોડતા, આખરે કોર્ટે તેને તેની મરજી મુજબ જવા આદેશ કર્યો,

જયારે કોર્ટે હેબિયસ કોર્પસની અરજીનો હુકમ કર્યો અને યુવતીને તેની મરજી મુજબ જવાની મંજૂરી આપી, ત્યારે યુવતી કોર્ટરૂમમાં હાજર તેના મોટી ઉંમરના પ્રેમી સાથે બહાર નીકળી હતી. આ દ્રશ્ય જોઈને તેના પિતા ચોધાર આંસુએ રડી પડ્યા હતા. તેમના વકીલે તેમને શાંત રાખવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ, દીકરીએ કોર્ટરૂમમાં રડી રહેલા તેના પિતા તરફ એક નજર પણ પાછી વાળ્યા વગર કોર્ટની બહાર નીકળી ગઈ હતી. પુખ્ત વયની વ્યક્તિના પોતાના નિર્ણયના અધિકાર અને પારિવારિક સંબંધોની જટિલતા દર્શાવતો આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે.

# કોસંબા સુટકેસ મર્ડર કેસનો ભેદ ઉકેલાયોઃ લિવ ઈનમાં રહેતા પ્રેમીએ ટ્રોલી બેગમાં પ્રેમિકાની લાશ ભરી



## મહિલા સતત રવિ પર લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી. લગ્ન માટેનું આ દબાણ જ મહિલાની હત્યાનું કારણ બન્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૦૫**

સુરત જિલ્લાના કોસંબા ખાતે સુટકેસમાંથી મળી આવેલા અજાણી મહિલાના મૃતદેહના રહસ્ય પરથી આખરે પડદો ઊંચકાયો છે. એલસીબીએ પોલીસે આ હત્યા કેસના મુખ્ય આરોપી, મૂળ બિહારના રહેવાસી રવિ શર્માને દિલ્હી નજીકથી ઝડપી પાડ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક મહિલા અને આરોપી રવિ શર્મા પ્રેમી-પ્રેમિકા તરીકે સાથે રહેતા હતા. મહિલા સતત રવિ પર લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી. લગ્ન માટેનું આ દબાણ જ મહિલાની હત્યાનું કારણ બન્યું હતું. દબાણથી કંટાળીને પ્રેમી રવિ શર્માએ તેની પ્રેમિકાની ગળું દબાવીને નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ આરોપીએ મૃતદેહને છુપાવવા માટે તેને એક મોટી સુટકેસમાં ભર્યો હતો અને કોસંબા વિસ્તારમાં ખાસ કરીને તરસાડી નજીક ખાડી પાસે ફેંકી દીધો હતો. આ ઘટના બાદ આરોપી રવિ દિલ્હી નજીક ફિરોઝાબાદ ભાગી ગયો હતો.

સોમવારે કોસંબા-તરસાડી ખાતે ટ્રોલી બેગમાંથી બાંધેલી હાલતમાં અજાણી મહિલાની લાશ મળી આવતા સમગ્ર સુરત જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં મૃતકની ઓળખ કરવી પોલીસ માટે પડકારરૂપ બની હતી, પરંતુ જિલ્લા પોલીસે પાંચથી વધુ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ ઘટનામાં પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીને ટ્રેસ કર્યો હતો. પોલીસે મૃતક મહિલાની ઓળખ મેળવતા જ એલસીબીએ તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી રવિ શર્મા સુધી પહોંચી અને દિલ્હી નજીકથી તેની ધરપકડ કરી લીધી હતી.

આધારભૂત સૂત્રો અનુસાર, કોસંબા બજારની એક દુકાનમાંથી આરોપીએ આ ટ્રોલી બેગ ખરીદી હોવાની માહિતી મળતાં પોલીસે તે દુકાન આસપાસના સીસીટીવી ફૂટેજ પણ મેળવ્યા હતા, જે તપાસમાં મદદરૂપ સાબિત થયા. શરૂઆતમાં લોકો મૃતક મહિલાને રવિની પત્ની માની રહ્યા હતા, પરંતુ હકીકતમાં તે તેની પ્રેમિકા હતી. પોલીસે પરપ્રાંતીય મહિલા અને આરોપી પરપ્રાંતીય હોવાની આશંકાના આધારે ૫૦થી વધુ લોકોની પૂછપરછ પણ કરી હતી. કોસંબાની આ હત્યા કેસનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલાતા પોલીસે રાહતનો શ્વાસ લીધો છે. હવે પોલીસ આ કેસમાં કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરશે.

## વર્તમાન પ્રવાહ — તંત્રી લેખ

# વિશ્વનાં બદલાઈ રહેલાં ચલણની સાથે તાલ મિલાવવામાં ભારતની શિક્ષણ સંસ્થાઓ ઊણી ઊતરી રહી હોવાનો સર્જાયો છે તાલ

**બ**દલાતા જતા સમયની સાથે સાથે શિક્ષણ સંસ્થાઓની જવાબદારી પણ વધી રહી છે. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને તેમને ઉમદા નાગરિક બનાવવાની પ્રાથમિક ફરજમાં હવે તેમને માનસિક રીતે મજબૂત બનાવીને જીવનની સામેના પડકારોનો સામનો કરવા માટે સજ્જ બનાવવાની જવાબદારી પણ શિક્ષણ સંસ્થાઓના ભાગે આવી છે. વિશ્વનાં આ બદલાઈ રહેલાં ચલણની સાથે તાલ મિલાવવામાં ભારતની શિક્ષણ સંસ્થાઓ ઊણી ઊતરી રહી હોવાનો તાલ સર્જાયો છે. દેશભરમાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના વધી રહેલાં જોખમી ચલણે શિક્ષણ સંસ્થાઓની સાથોસાથ સંબંધિત સરકારી તંત્રો અને વાલીઓની સામે પણ ગંભીર પડકાર ઉભો કર્યો છે. આમ તો સરકાર વિદ્યાર્થીઓમાં માનસિક તાણ ઘટાડવા માટે સંખ્યાબંધ પગલાં લઈ રહી છે, પણ કમભાગ્યે આ પગલાંમાં પાયાનાં સ્તરે કોઈ અમલ જણાતો નથી. હવે એવી પ્રતીતિ થઈ રહી છે કે, સંસ્થાઓ દ્વારા સૂચવાયેલાં પગલાંના અમલ તરફ દુર્લક્ષને લીધે આત્મહત્યાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. હવે સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓના માનસિક આરોગ્ય અંગેની સમસ્યાઓ અને આત્મહત્યાઓના કિસ્સાને પહોંચી વળવા નિયત દિશાનિર્દેશ કાર્યરત કરવા અંગે આઠ સપ્તાહની અંદર વિગતવાર અહેવાલ રજૂ કરવાની તાકીદ કરી છે. આ અહેવાલ આવે ત્યાં સુધી તાકીદનાં પગલાં લેવાની જરૂરત આત્મહત્યાના આંકડા છતી કરી રહ્યા છે. કેન્દ્રના ગુના સંબંધી રેકર્ડ બ્યૂરોના એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૩માં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના ૧૩,૮૯૨ કિસ્સા સામે આવ્યા હતા. આ આંકડા ૨૦૧૩ના બનાવોની સરખામણીએ ૩૪ ટકા જેટલા વધુ છે. વળી ઉલ્લેખનીય બાબત એ છે કે, વર્ષ ૨૦૨૩માં દેશમાં આત્મહત્યાના જે બનાવો નોંધાયા હતા તેમાં વિદ્યાર્થીઓના બનાવોની સંખ્યા આઠ ટકાથી વધુ રહી હતી. હવે તો સૌ કોઈ જાણે છે કે, આત્મહત્યા જેવાં અંતિમ પગલાં માટે વિદ્યાર્થીઓની માનસિક હાલતને બદતર કરવાની પાછળ ઘણા કારણો કામ કરતા હોય છે. ભણતરનું દબાણ, શિક્ષણ સંસ્થાઓનો માહોલ અને જાતિ આધારિત ભેદભાવ જેવાં કારણો ઉપરાંત ઘરની કે આર્થિક તકલીફની તાણમાં જેવી સમસ્યાઓ વિદ્યાર્થીઓને આત્મહત્યા તરફ દોરી જતી હોય છે. આ માટે સર્વોચ્ચ અદાલતે ગત ૨૫મી જુલાઈએ સરકાર અને શિક્ષણ સંસ્થાઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી, પણ આત્મહત્યાના વધી રહેલા બનાવોએ આ સૂચનાઓના અમલ માટે પૂરતું ધ્યાન અપાતું ન હોવાની વાસ્તવિકતા સામે લાવી છે. હવે સર્વોચ્ચ અદાલતની નવેસરની સક્રિયતાથી આશા જાગી છે કે, સરકારો અને શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓને તાણમુક્ત કરવાની અગાઉ અપાયેલી સૂચનાઓના અમલ માટે ગંભીરતા સાથે અમલીકરણ કરાવવાની એક સમાન વ્યવસ્થા તાકીદે ગોઠવશે.

### ટાલની સમસ્યાનો સામનો કરતા કરોડો લોકો માટે આશાનું કિરણ

# તાઈવાનના વિજ્ઞાનીઓએ ફક્ત ૨૦ દિવસમાં જ વાળ ઉગાડી શકે તેવું સીરમ વિકસાવ્યું

### ઈજા અથવા ખંજવાળ પછી ત્વચાની વાળ ઉગાડવાની કુદરતી ક્ષમતાના આધારે સીરમની રચના કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમદાવાદ, તા.૦૫**

એક અભૂતપૂર્વ મેડિકલ સંશોધનમાં નેશનલ તાઈવાન યુનિવર્સિટી (એનટીયુ)ના સંશોધકોએ કુદરતી ફેટી એસિડમાંથી બનેલું એક રબ-ઓન સીરમ વિકસીત કર્યુ છે જે માત્ર વીસ દિવસમાં વાળની વૃદ્ધિ પુનઃસ્થાપિત કરે છે. આ નવીન રચનાએ પ્રયોગશાળાના પ્રયોગો અને પ્રારંભિક સ્વ-પરિક્ષણોમાં નોંધપાત્ર પરિણામ દેખાડયા છે, જે સમગ્ર વિશ્વમાં વાળ ખરવાની સમસ્યાનો સામનો કરી રહેલા કરોડો લોકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે તેમ છે. શરીરની કુદરતી ઉપચાર પ્રતિક્રિયાથી પ્રેરિત સીરમની વિશિષ્ટ યંત્રણા વાળના ફોલિકલ્સને સુરક્ષિત અને અસરકારક રીતે પુનર્જીવિત કરવા ત્વચામાં રહેલા ચરબીની કોષોને ઉત્તેજિત કરે છે.



પ્રોફેસર સુંગ-ઝાન લિનની આગેવાની હેઠળની ટીમે ત્વચાની નજીવી ખંજવાળ અથવા ઈજા પછી વાળને ફરી ઉગાડવાની શરીરની હાઈપરટ્રાઈકોસિસ તરીકે ઓળખાતી જન્મજાત ક્ષમતાના આધારે સીરમની રચના કરી છે. લિને નિરીક્ષણ કર્યુ કે નાની ઈજા અથવા સોજા પછી ચરબીના કોષો સક્રિય થઈ જાય છે જે નવા વાળના વિકાસને પ્રોત્સાહિત કરે છે. માનવીય પેશી અને વનસ્પતિના તેલમાં મળી આવતા ઓલેઈક એસિડ તેમજ પામિટોલિક એસિડમાં સહજ રીતે મળતા ફેટી એસિડનો ઉપયોગ કરીને ટીમે ત્વચામાં બળતરા અથવા ક્ષતિ ઉત્પન્ન કર્યા વિના આ જૈવિક પ્રભાવ દોહરાવ્યો હતો.પ્રોફેસરના વ્યક્તિગત સ્વ-પ્રયોગે શોધને વધુ માન્ય કરી. તેમણે ત્રણ અઠવાડિયા સુધી પોતાના સાથળ પર ફેટી એસિડનું મિશ્રણ લગાડયા પછી ત્યાં વાળ ઉગતા જોયા, જેનાથી સીરમની ક્ષમતા સાબિત થઈ. પ્રાણી પરના પૂરક અભ્યાસોમાં પણ સમાન પરિણામ જોવા મળ્યા. તેમણે એક ઉત્તેજક પદાર્થ સોડિયમ ડોડેસિલ સલ્ફેટ (એસડીએસ) વાળ વિનાના ઉંદરો પર લગાડયું, તો તેનાથી ઉંદરોની ત્વચા પર ખંજવાળ અને સોજો થયો અને પછી દસથી અગિયાર દિવસમાં ફરી વાળ ઉગવાની શરૂઆત થઈ. આ નિષ્કર્ષના આધારે લિનની ટીમે સિન્થેટીક કેમિકલ્સના સ્થાને કુદરતી રૂપથી મળતા ફેટી એસિડનો ઉપયોગ કરીને બળતરા અથવા કોઈપણ આડઅસર વિના સમાન પરિણામ પ્રાપ્ત કરી શકાય તેવું સીરમ તૈયાર કર્યું.

પ્રતિષ્ઠિત જર્નલ ‘સેલ મેટાબોલિઝમ‘માં પ્રકાશિત આ અભ્યાસને ફેટી સેલના સક્રિયણને વાળના ફોલિકલ્સ પુનર્જીવિત કરવા સાથે સાંકળી લેવા માટે આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે અને તેને રિજનરેટીવ ત્વચા વિજ્ઞાનમાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે ગણવામાં આવ્યું છે. હોર્મોનલ અથવા કેમિકલ્સ ઉત્તેજના પર આધારીત પારંપરિક વાળ વૃદ્ધિ ઉપચારોથી વિપરીત એનટીયુ સીરમ વાળના કુદરતી પુનર્વિકાસને પ્રોત્સાહિત કરવા માટે શરીરના પોતાના રસાયણોનો ઉપયોગ કરે છે જેનાથી તે સુરક્ષિત, ત્વચા માટે અનુકૂળ અને સંભવિતપણે સરળ રીતે મળતું થઈ જશે. ફોર્મ્યુલેશન માટે પેટન્ટ હાંસલ કર્યા પછી એનટીયુ સંશોધકોની ટીમ હવે નિયામક મંજૂરી અગાઉ યોગ્ય ડોઝ અને લાંબાગાળાની સલામતી સુનિશ્ચિત કરવા માનવીય પ્રયોગો માટે તૈયારી કરી રહી છે. વધુ અભ્યાસની જરૂર હોવાની નિષ્ણાંતોની ચેતવણી છતાં આ શોધ ખરતા વાળની સમસ્યા માટે એક સરળ, સસ્તા અને કુદરતી ઉકેલની દિશામાં એક આશાસ્પદ છલાંગનું પ્રતીક છે તેમજ રિજનરેટીવ વિજ્ઞાનમાં એક નવા યુગનો સંકેત છે.

### બુધવારે નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટની સપાટીએ...!!!

# ઓક્ટોબરનો પીએમઆઈ ૫૯.૨૦ પર પહોંચવાનું દર્શાવે છે કે ઉત્પાદક ક્ષેત્ર અને અર્થતંત્ર વચ્ચે મજબૂતી છે

### બુધવારે ભારતીય શેરબજારમાં નોંધાયેલ ઘટાડાનું મુખ્ય કારણ વૈશ્વિક તેમજ સ્થાનિક સ્તરે ઉભા થયેલા અનિશ્ચિત સંજોગો છે, જેમ કે રૂપિયાની કિંમતમાં ઘટાડો, કાચા તેલના ભાવમાં વધારાની ચિંતા અને આર્થિક વૃદ્ધિના ધીમા સંકેતો તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલી નોંધાતા બજારમાં દબાણ વધ્યું છે

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૩૯૭૮ સામે ૮૪૦૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૮૩૪૧૨ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો... દિવસ દરમ્યાન સરેરાશ ૬૫૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૫૧૯ પોઈન્ટના ઘટાડા સાથે ૮૩૪૫૯ પોઈન્ટ બંધ થયેલ..!!!

**નિફ્ટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૫૮૯૮ સામે ૨૫૮૭૪ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેસિફીક ઘટાડો નોંધાવી ૨૫૬૯૩ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૨૧૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૧૯૯ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૬૯૯ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો..., અમેરિકાની વ્યાજદરની દિશા અને વૈશ્વિક ટ્રેડ ટેન્શનને લઈને આજે સપ્તાહના બીજા કારોબરી દિવસે ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ રહ્યું હતું. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાની આશાઓ વચ્ચે ચીન પરના ટેરિફમાં ઘટાડો અને ભારત સાથે ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પના નિવેદન બાદ કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતોને કારણે આ સમજૂતી ફરી અનિશ્ચિતતામાં સપડાઈ ગયાને પગલે ફંડોએ મોટાપાયે સેલિંગ કર્યુ હતું, જ્યારે સ્થાનિક મહારથીઓએ પણ નવી તેજી સામે સાવચેતી દાખવીને અવિરત પ્રોફિટ બુકિંગ ચાલુ રાખ્યું હતું. ઈઝરાયેલ હમાસ વચ્ચે વધતા યુદ્ધના તણાવ અને યુક્રેન રશિયા સંઘર્ષને કારણે વૈશ્વિક જીઓપોલિટીકલ પરિસ્થિતિ અસ્થિર બની હતી, જેના પરિણામે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો ભારતીય શેરબજારમાં સતત વેચવાલી કરી હતી.

આજે ભારતીય શેરબજારમાં નોંધાયેલ ઘટાડાનું મુખ્ય કારણ વૈશ્વિક તેમજ સ્થાનિક સ્તરે ઉભા થયેલા અનિશ્ચિત સંજોગો છે, જેમ કે રૂપિયાની કિંમતમાં ઘટાડો, કાચા તેલના ભાવમાં વધારાની ચિંતા અને આર્થિક વૃદ્ધિના ધીમા સંકેતો તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલી નોંધાતા બજારમાં દબાણ વધ્યું છે. આ બધાની વચ્ચે, અમેરિકાના ટેરિફ યુદ્ધ અને મધ્ય પૂર્વમાં વધતા જીઓપોલિટિકલ તણાવને કારણે વૈશ્વિક મૂડી વધુ સુરક્ષિત આશ્રયસ્થાનો તરફ વળી રહી છે. પરિણામે ભારતીય ઈક્વિટી માર્કેટમાં ટૂંકાગાળાનો ઉતાર જોવાઈ રહ્યો છે.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સંભવિત હસ્તક્ષેપોને કારણે મંગળવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત બન્યો હતો. જ્યારે આગામી વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઉત્પાદન વધારાને રોકવાના ઓપેક+ના નિર્ણય છતાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો નોંધાયો હતો.

સેક્ટર મુવમેન્ટ... બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૨૬% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬૯% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ માત્ર ટેલિકોમ્યુનિકેશન અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૩૩૬ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૫૪૯ અને વધનારની સંખ્યા ૧૬૧૮ રહી હતી, ૧૬૯ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૭ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૮ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટાઈટન કંપની લિ. ૨.૨૮%, ભારતી એરટેલ ૧.૮૯%, બજાજ ફાઈનાન્સ ૧.૧૬%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૯૩% અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૦.૭૨% વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે પાવર ગ્રીડ કોર્પોરેશન ૩.૧૩% ઈટર્નલ લિ. ૨.૭૯%, ટાટા મોટર્સ૨.૫૩%, ટાટા સ્ટીલ ૧.૮૬%, મારુતિ સુઝુકી ૧.૭૬%, બીઈએલ ૧.૬૯%, લાર્સન લિ. ૧.૪૮%, એનટીપીસી લિ. ૧.૩૪%, આઈટીસી લિ. ૧.૨૯%, ઈન્ફોસિસ લિ. ૧.૧૭%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૫%, ટ્રેન્ટ લિ. ૧.૧૨%, અચસીએલ ટેક્નોલોજી ૧.૦૫% અને એશિયન પેઈન્ટ ૧.૦૨% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝ્ડ સેન્સેક્સ, નિફ્ટી ફ્યુચરમાં ઘટાડા સાથે મીડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૨.૭૧ લાખ કરોડ ઘટીને ૪૬૯.૮૦ લાખ કરોડ રહ્યું હતું. એસ એન્ડ પી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૫ કંપનીઓ વધી અને ૨૫ કંપનીઓ ઘટી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, ભારતીય અર્થવ્યવસ્થા અને ઉત્પાદન ક્ષેત્રની મજબૂતીથી ભારતીય શેરબજાર માટે સકારાત્મક દિશામાં મોટા અવસર મળી શકે છે. ઓક્ટોબરના પીએમઆઈ અને વિવિધ આંકડાઓ દર્શાવે છે કે દેશમાં ભવિષ્ય માટે મજબૂત મૌલિકતાઓ છે. ઉત્પાદન ક્ષેત્રમાં મજબૂતી, ઘરેલુ માંગમાં વધારો અને જીએસટીમાં સુધારા એ ભારતમાં આર્થિક વૃદ્ધિ માટે પૂરક બની રહ્યા છે. આર્થિક વિકાસ દર ૭.૮% પર પહોંચવા સાથે, ભારતનું આર્થિક મોખરું ચાલુ રહી રહ્યું છે, જે ખાસ કરીને શેરબજારમાં આશાવાદી સ્થિતિ પ્રદાન કરે છે. ઉપરાંત, નિકાસમાં થોડી મંદી છતાં, ઘરેલુ બજારમાં માંગ અને ઉત્પાદન ખૂણાની પર મજબૂતી આપે છે, જે કંપનીઓના સ્ટોક મૂલ્યને ઉંચી દિશામાં ગતિ આપે છે. આ સમગ્ર પરિસ્થિતિમાં, શેરબજાર પર સકારાત્મક પ્રભાવની શક્યતા વધુ છે, જ્યાં રોકાણકારોને વિવિધ ક્ષેત્રોમાં મજબૂત વૃદ્ધિની રાહત મળી શકે છે.

ભારતીય શેરબજાર માટે મજબૂતી લાવવી એ આરંભિક નમૂનાઓ પર આધારિત છે. ઓક્ટોબરનો પીએમઆઈ ૫૯.૨૦ પર પહોંચવાનું દર્શાવે છે કે ઉત્પાદક ક્ષેત્ર અને અર્થતંત્ર વચ્ચે મજબૂતી છે. આ સંકેતો રોકાણકારોને વિશ્વસનીયતા અને વ્યાપારી મૌલિકતાઓ પ્રદાન કરે છે, જે સ્થાનિક અને વૈશ્વિક બજારમાં ભારતીય શેરબજારને મજબૂત કરે છે. વધુમાં, સરકારના આર્થિક પ્રોત્સાહનો અને વિતેલા મહિનાઓમાં થયેલા નીતિ સુધારા, જેમ કે જીએસટીમાં કપાત, અર્થતંત્રમાં વ્યાપક પ્રગતિ માટે માધ્યમ પૂરી પાડે છે. આ તમામ ઘટકો ભારતમાં શેરબજાર માટે વૈશ્વિક અને સ્થાનિક રોકાણકારોની આકર્ષણને વધારી શકે છે, જેને પરિણામે ભારતીય શેરબજારનું ભાવિ ઉજ્જવળ અને મજબૂત બની શકે છે.


**તા.૦૫.૧૧.૨૦૨૫ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડિંગ સંદર્ભે...**

**તા.૦૪.૧૧.૨૦૨૫ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૫૬૯૯ પોઈન્ટઃ** આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૫૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૭૪ પોઈન્ટના અતિ મહત્ત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે ૨૫૬૭૬ પોઈન્ટથી ૨૫૭૪૭ પોઈન્ટ આસપાસ અતિ મહત્ત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટ નજીક સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી જોઈએ....!!!

**હવે જોઈએ સ્ટોક સ્પેસિફિક રેન્જ મૂવમેન્ટ**

● સિપ્લા લિ. (૧૫૧૧)ઃ ફાર્મા સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૧૪૯૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂા.૧૪૭૭ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂા.૧૫૩૩થી રૂા.૧૫૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂા.૧૫૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

●હેવેલ્સ ઈન્ડિયા (૧૪૮૯)ઃ A /T+1 ગ્રુપનો આ સ્ટોક રૂા.૧૪૭૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 13.10.2025 TO 17.10.2025 | 25411.00 | 25340.00 | 25849.00 | 25123.20 | 25757.80 | 346.80 |
| 20.10.2025 TO 24.10.2025 | 25757.80 | 25880.20 | 26205.00 | 25733.00 | 25814.80 | 57.00 |
| 27.10.2025 TO 31.10.2025 | 25814.80 | 25901.00 | 26284.90 | 25878.00 | 25905.50 | 90.70 |
| 03.11.2025 TO 04.11.2025 | 25905.50 | 25890.00 | 25942.60 | 25693.00 | 25699.00 | -206.50 |

રૂા.૧૪૬૦ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૧૫૦૩થી રૂા.૧૫૧૫ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
+91 99390 80808

●એક્સિસ બેન્ક (૧૨૩૨) : રૂા.૧૨૦૩નો પ્રથમ તેમજ રૂા.૧૧૯૦ બીજા સપોર્ટથી પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂા.૧૨૪૪ થી રૂા.૧૨૫૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

●ઓરબિંદો ફાર્મા (૧૧૬૦)ઃ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ટ્રેડિંગલક્ષી રૂા.૧૧૭૪થી રૂા.૧૧૮૦ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ ધરાવે છે!! અંદાજીત રૂા.૧૧૩૦નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

●એચડીએફસી બેન્ક (૯૯૦)ઃ રૂા.૦૧ની ફેસવેલ્યુ ધરાવતા પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂા.૯૫૦નાં સ્ટ્રોંગ સપોર્ટને ધ્યાને લઈ તેજી તરફી રૂા.૧૦૦૩થી રૂા.૧૦૧૨ આસપાસ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

●ટેક. મહિન્દ્રા (૧૪૧૧)ઃ ટેક્નિકલ ચાર્ટ મુજબ કમ્પ્યુટર્સ સોફટવેર અને કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક રૂા.૧૪૪૭ આસપાસ સપોર્ટથી રૂા.૧૩૯૭થી રૂા.૧૩૮૦ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂા.૧૪૬૦નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

●આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૩૪૧)ઃ રૂા.૧૩૬૩ આસપાસ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂા.૧૩૭૦ના સપોર્ટ તબક્કાવાર રૂા.૧૩૨૫થી રૂા.૧૩૧૭ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂા.૧૩૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

●ટાટા કન્ઝયુમર (૧૧૮૦)ઃ ટી એન્ડ કોફી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂા.૧૨૨૦ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂા.૧૧૬૪થી રૂા.૧૧૫૫ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

●જીન્દાલ સ્ટીલ (૧૦૭૯)ઃ આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂા.૧૧૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂા.૧૦૬૫થી રૂા.૧૦૪૭ના ભાવ સપાટી આસપાસ ટ્રેડિંગ રેન્જ ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂા.૧૧૧૪નો સપોર્ટ ધ્યાને લેવો...!!!

●સ્ટેટ બેન્ક (૯૬૦)ઃ રૂા.૯૭૯ આસપાસ ઓવરબોટ પોઝીશન સ્થિતિ નોંધાવતા આ સ્ટોક રૂા.૯૮૪ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૯૪૭થી રૂા.૯૩૪નો ભાવ આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂા.૯૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**ડિસ્કલેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!!** સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્કલેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

# મુંબઈ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેરઃ ચીન-જાપાનને પછાડી મારી બાજી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૫**

ખુશીને માપવી મુશ્કેલ લાગણી છે, પરંતુ જ્યારે શહેરી જીવનની વાત આવે છે, ત્યારે વાતાવરણ, ખોરાક અને નાઈટલાઈફ તમારા જીવનને સીધી અસર કરે છે. તાજેતરના એક મોટા સર્વેમાં બહાર આવ્યું છે કે એશિયામાં સૌથી ખુશ લોકો ક્યાં રહે છે. આ સર્વેમાં સંસ્કૃતિ, સલામતી અને જીવનની ગુણવત્તા જેવા વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી મોટા સમાચાર એ છે કે એક ભારતીય શહેર ટોચના ૫ શહેરોની યાદીમાં બીજા બધાને પાછળ છોડીને નંબર વન સ્થાન મેળવ્યું છે. ચાલો જાણીએ કે એશિયામાં તે ૫ ખુશ સ્થળો કયા છે અને તે શા માટે સૌથી ખાસ છે.

ટાઈમ આઉટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા સર્વે અનુસાર, સપનાનું શહેર, મુંબઈ, માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર છે. હકીકતમાં, ૯૪ ટકા મુંબઈ રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે. ૮૯% લોકો માને છે કે તેઓ મુંબઈમાં બીજા કોઈ પણ જગ્યાએ કરતાં વધુ ખુશ અનુભવે છે. ૮૮% લોકો માને છે કે તેમના ભાગીદારો પણ મુંબઈમાં ખૂબ જ સકારાત્મક અને ખુશ રહે છે.

મુંબઈની સફળતા પાછળ ઘણા કારણો છે. તે અસંખ્ય મનોરંજન વિકલ્પો, જીવંત સામાજિક વાતાવરણ અને ઉત્તમ કારકિર્દીની તકો ધરાવે છે. વધુમાં, મુંબઈ એશિયાના શ્રેષ્ઠ સ્ટ્રીટ ફૂડ શહેરોમાંનું એક છે, જે તેની ખુશીને વધુ વધારે છે.

ચીનના બે મુખ્ય શહેરો, બેઈજિંગ અને શાંઘાઈ, સૌથી ખુશ શહેરોની યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે છે. બંને આધુનિકતા, સલામતી અને સંસ્કૃતિનું સંપૂર્ણ મિશ્રણ પ્રદાન કરે છે. બેઈજિંગ (બીજા સ્થાને) ના ૯૩ ટકા રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે, તેની સુવિધાઓ, સલામત વાતાવરણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક જીવનનો ઉલ્લેખ કરે છે.

આ દરમિયાન, શાંઘાઈના ૯૨ ટકા રહેવાસીઓએ પણ તેમના શહેરને ખુશ શહેર તરીકે વર્ણવ્યું. આ જ કારણ છે કે આ બંને શહેરોને જનરેશન-ઢ પેઢી માટે એશિયાના શ્રેષ્ઠ શહેરોમાં ગણવામાં આવે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અહીંના યુવાનોનું ભવિષ્ય માત્ર સુરક્ષિત જ નહીં પણ તકોથી ભરેલું પણ છે.

એશિયાના સૌથી ખુશ શહેરોની યાદીમાં, બે સુંદર દક્ષિણપૂર્વ એશિયાઈ શહેરો, ચિયાંગ માઈ (થાઈલેન્ડ) અને હનોઈ (વિયેતનામ), અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. બંને શહેરના ૮૮% સ્થાનિક લોકોએ ખુશ હોવાનું જણાવ્યું. ચિયાંગ માઈ તેના હરિયાળી અને શાંત વાતાવરણ માટે જાણીતું છે, જ્યારે હનોઈ "સકારાત્મક લોકો" અને "રોજિંદા અનુભવોમાં આનંદ" ની દ્રષ્ટિએ જીત્યું. બંને શહેરો ધમાલથી દૂર, ધીમી ગતિ અને સમુદાયની મજબૂત ભાવના સાથે જીવન શોધનારાઓ માટે ઉત્તમ વિકલ્પો છે.

રસપ્રદ વાત એ છે કે, સિઓલ, સિંગાપોર અને જાપાનની રાજધાની ટોક્યો જેવા મોટા અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત શહેરો આ "ખુશી" દોડમાં ઘણા પાછળ છે. ટોક્યો ટોચના ૧૦માં પણ સ્થાન મેળવી શક્યું નથી, ફક્ત ૭૦ ટકા લોકો માને છે કે તેમનું શહેર તેમને ખુશ કરે છે.

નિષ્ણાતો માને છે કે ઝડપી ગતિશીલ જીવનશૈલી, કાર્ય-જીવન સંતુલનનો અભાવ અને આ શહેરોમાં રહેવાની ઊંચી કિંમત આ પાછળના મુખ્ય કારણો હોઈ શકે છે. આ સ્થળોએ રહેતા લોકોને શાંત કુદરતી ઉદ્યાનો અને ભીડભાડ વચ્ચે આરામ કરતા સ્થળોએ સમય વિતાવવાની સલાહ આપવામાં આવે છે.

**એશિયાના ૧૦ સૌથી સુખી શહેરો**

૧. મુંબઈ, ભારત
૨. બેઈજિંગ, ચીન
૩. શાંઘાઈ, ચીન
૪. ચિયાંગ માઈ, થાઈલેન્ડ
૫. હનોઈ, વિયેતનામ
૬. જકાર્તા, ઈન્ડોનેશિયા
૭. હોંગકોંગ
૮. બેંગકોક, થાઈલેન્ડ
૯. સિંગાપોર
૧૦. સિઓલ, દક્ષિણ કોરિયા



૯૪ ટકા રહેવાસીઓએ કહ્યું કે મુંબઈ તેમને ખુશ કરે છે

# સ્પોર્ટ્સ ન્યુઝ

## બંને ટીમો દોહામાં હશે આમને સામને

# નવેમ્બરમાં બે વાર ટકરાશે ભારત અને પાકિસ્તાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫ :** ACC રાઈઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટ ૧૪ નવેમ્બરથી શરૂ થશે. ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો ૧૬ નવેમ્બરે થવાનો છે. અગાઉ ACC ઈમર્જિંગ ટીમ્સ એશિયા કપ તરીકે ઓળખાતી આ ટુર્નામેન્ટ હવે T20 ફોર્મેટમાં રમાશે. આ ટુર્નામેન્ટ ૧૪ નવેમ્બરથી શરૂ થશે, જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૬ નવેમ્બરે હાઈ-વોલ્ટેજ મુકાબલો યોજાશે.

બંને દેશો વચ્ચે લીગ મેચ રમાશે, પરંતુ ટુર્નામેન્ટના શેડ્યૂલની સમીક્ષા સૂચવે છે કે બંને કટ્ટર હરીફ ટુર્નામેન્ટમાં બે વાર એકબીજાનો સામનો કરી શકે છે. ૨૩ નવેમ્બરે યોજાનારી ફાઈનલ પણ બંને દેશો વચ્ચેની સ્પર્ધા હોઈ શકે છે. ત્યારે એ જાણી લઈએ કે આ ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન બે વાર કેવી રીતે એકબીજાનો સામનો કરી શકે છે.

ગ્રુપ Aમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, હોંગકોંગ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. ગ્રુપ Bમાં ભારત, ઓમાન, પાકિસ્તાન અને UAEનો સમાવેશ થાય છે. ૨૧ નવેમ્બરે બે સેમિફાઈનલ છે. પ્રથમ સેમિફાઈનલ ગ્રુપ Aની નંબર ૧ ટીમ અને ગ્રુપ Bની નંબર ૨ ટીમ વચ્ચે થશે, જ્યારે બીજી સેમિફાઈનલ ગ્રુપ Bની નંબર ૧ ટીમ અને ગ્રુપ Aની નંબર ૨ ટીમ વચ્ચે થશે. ત્યારબાદ ફાઈનલ ૨૩ નવેમ્બરે યોજાશે.

ગ્રુપ Bમાં ભારત અને પાકિસ્તાન, તેમજ ઓમાન અને UAE જેવી નબળી ટીમો શામેલ હોવાથી એવું માનવામાં આવે છે કે ઓમાન અને UAE સેમિફાઈનલ માટે ક્વોલિફાય નહીં થાય. ભારત અને પાકિસ્તાન ગ્રુપ Bમાંથી બે ટીમો હશે, જે સેમિફાઈનલમાં ગ્રુપ Aમાંથી બે ટીમો સામે ટકરાશે. જો ભારત અને પાકિસ્તાન તેમની સેમિફાઈનલ જીતી જાય, તો તેઓ ફાઈનલમાં પહોંચી શકે છે.

સપ્ટેમ્બરમાં એશિયા કપ પછી ભારત અને પાકિસ્તાનની પુરુષ ટીમો વચ્ચે આ મેચ પ્રથમ ક્રિકેટ મુકાબલો હશે. જો કે, તાજેતરના ODI વર્લ્ડ કપમાં બંને દેશોની મહિલા ટીમો એકબીજા સામે આવી હતી. જ્યારે પુરુષોની ટીમો એશિયા કપમાં રમી હતી, ત્યારે બંને દેશોના ખેલાડીઓએ હાથ મિલાવ્યો નહોતો કે ઔપચારિક અભિવાદન થયું નહોતું.

અત્યાર સુધી પાકિસ્તાન અને શ્રીલંકા બે-બે વખત ટુર્નામેન્ટ જીતી ચૂક્યા છે, જ્યારે ભારત અને અફઘાનિસ્તાન એક-એક વખત જીતી ચૂક્યા છે. છેલ્લી સિઝન ૨૦૨૪માં ઓમાનમાં રમાઈ હતી, જ્યાં અફઘાનિસ્તાને શ્રીલંકાને સાત વિકેટથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. આ વખતે, ટુર્નામેન્ટ દોહામાં યોજાઈ રહી છે.

**ઈન્ડિયા Aની રાઈઝિંગ એશિયા કપ ટીમ :** પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, નેહલ વઢેરા, નમન ધીર (વાઈસ-કેપ્ટન), સૂર્યાંશ શેજડે, જીતેશ શર્મા (કેપ્ટન અને વિકેટકીપર), રમનદીપ સિંહ, હર્ષ દુબે, આશુતોષ શર્મા, યશ ઠાકુર, ગુર્જપનીત સિંહ, વૈશાખ વિજય કુમાર, યુદ્ધવીર સિંહ ચરક, અભિષેક પોરેલ (વિકેટકીપર), સુયશ શર્મા.

**સ્ટેન્ડબાય ખેલાડીઓ:** ગુરનુર સિંહ બ્રાર, કુમાર કુશાગરા, તનુષ કોટિયન, સમીર રિઝવી અને શેખ રશીદ.

# હરમનપ્રીતે એવું કામ કરી દીધું છે કે ટ્રોફી કાયમ માટે તેની સાથે જ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫ :** હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપમાં ભારતીય મહિલા ટીમે આખરે પોતાની વર્ષોની તપસ્યાનું પરિણામ હાંસલ કરી લીધું છે. આઈસીસીની વર્લ્ડ કપ ટ્રોફી ઉઠાવવાની ઈચ્છા પૂર્ણ થઈ છે, ચેમ્પિયન બન્યા અગાઉ પણ ટીમ બે વખત ફાઈનલ સુધી પહોંચી હતી પરંતુ ટ્રોફી હાથમાં આવી નહોતી. જોકે, આ વખતે ટીમે જે પ્રકારનો જુસ્સો સેમીફાઈનલથી બતાવ્યો હતો તે ફાઈનલ સુધી જળવાઈ રહ્યો અને આખરે ટ્રોફી ટીમના હાથમાં આવી છે.




ક્રિકેટની દુનિયાને ૨૫ વર્ષ પછી એક નવી ચેમ્પિયન ટીમ મળી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્લ્ડ કપ જીત્યા બાદ ઘણી ઉત્સાહમાં દેખાઈ રહી છે. આવામાં મહિલા ટીમની કેપ્ટન કૂલથી જાણીતી હરમનપ્રીત કૌરે એક એવું કામ કરાવી લીધું છે કે વર્લ્ડ કપની ટ્રોફી કાયમ તેની સાથે રહેશે અને તે કહે છે કે આ ટ્રોફીને તે રોજ સવારે ઉઠીને જોઈ પણ શકશે. હરમનપ્રીત કૌરે ફાઈનલ સહિત આખી ટુર્નામેન્ટ દરમિયાન મહત્વની ભૂમિકા ભજવી હતી.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે વર્લ્ડ કપની જીતને યાદગાર બનાવવા માટે પોતાના બાવળા પર ટેટૂ કરાવ્યું છે. જેમાં તેણે વર્લ્ડ કપ દોરાવ્યો છે કે જે કાયમ તેની સાથે રહે અને તે દરરોજ સવારે જોઈ શકે. ભારતે મહિલા વર્લ્ડ કપની નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૫૨ રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો છે. કેપ્ટન હરમનપ્રીત કૌરે જે ટેટૂ બનાવડાવ્યું છે તેની તસવીર પણ શેર કરી છે.

હરમન પ્રીત કૌરે આજે પોતે બનાવેલા ટેટૂની તસવીર શેર કરી છે, કેપ્ટને તેના ડાબા હાથમાં વર્લ્ડ કપનું ટેટૂ બનાવડાવ્યું છે અને તેને ઈફેક્ટ્સ પણ આપવામાં આવી છે. આ ટેટૂની નીચે ૨૦૨૫ પણ લખવામાં આવ્યું છે. હરમનપ્રીત કૌરે આ ટેટૂની તસવીર શેર કરવાની સાથે એક મેસેજ પણ લખ્યો છે. નોંધનીય છે કે, તેણે ઈન્સ્ટાગ્રામ પર ટેટૂની તસવીર શેર કરી તે પહેલા સ્ટેટસમાં પણ તેનો ઉલ્લેખ કર્યો હતો.

હરમનપ્રીત કૌરે આ ટેટૂ સાથે પોતાની તસવીર શેર કરી છે તેમાં એક મેસેજ લખ્યો છે, જેમાં હરમન લખે છે કે, કાયમ માટે આ મારી ચામડી અને હૃદયમાં કંડારી દેવામાં આવ્યું છે, તારા માટે (વર્લ્ડ કપ માટે) હું પહેલા દિવસથી રાહ જોઈ રહી હતી, હવે હું તને દરરોજ સવારે જોઈ શકીશ અને તેના પ્રત્યે આભારી રહીશ.

હરમનપ્રીત કૌરે વર્લ્ડ કપ ૨૦૨૫માં ૯ મેચ રમી છે, જેમાં તેણે ૮ ઈનિંગ્સ રમવા મળી હતી. આ ૮ ઈનિંગ્સમાં તેણે ૩૨.૫૦ની એવરેજથી ૨૬૦ રન બનાવ્યા છે, જ્યારે તેનો સ્ટ્રાઈક રેટ ૮૯.૦૪નો રહ્યો છે. હરમને વર્લ્ડ કપમાં ૩૦ ચોગ્ગા અને ૨ છગ્ગા લગાવ્યા છે. તેનો આ વર્લ્ડ કપમાં સૌથી શ્રેષ્ઠ સ્કોર (૮૯ રન, ૮૮ બોલ) વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલ દરમિયાન ઓસ્ટ્રેલિયા સામે બનાવ્યો હતો.

## બાંગ્લાદેશ ક્રિકેટમાં થપ્પડકાંડ!

# મહિલા વર્લ્ડ કપમાં કેપ્ટન નિગાર સામે જૂનિયર્સને મારવાનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૦૫ :** બાંગ્લાદેશ મહિલા ટીમની અનુભવી ફાસ્ટ બોલર જહાનારા આલમે ટીમની કેપ્ટન નિગાર સુલ્તાના જોતી પર ગંભીર આક્ષેપ કર્યો છે. તેણે દાવો કર્યો છે કે, નિગાર જુનિયર ખેલાડીઓને માર મારે છે. જો કે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ આરોપોને ફગાવી દીધા છે. આલમે ગતવર્ષે ડિસેમ્બરમાં આર્યલેન્ડ વિરૂદ્ધ પોતાની અંતિમ મેચ રમી હતી. તેણે બાંગ્લાદેશના સ્થાનિક મીડિયાને એક ઈન્ટરવ્યૂમાં આ પ્રકારનો આરોપ મૂક્યો હતો. તેણે કહ્યું કે, આ કોઈ નવી વાત નથી, કેપ્ટન સુલ્તાના જુનિયર્સને ઘણો માર મારે છે. વર્લ્ડ કપ દરમિયાન પણ તેણે જુનિયર્સને પ્રતાડિત કર્યા હતાં. દુબઈ પ્રવાસ દરમિયાન પણ તેણે એક જુનિયરને રૂમમાં બોલાવી લાફો ઝીકી દીધો હતો.

૩૨ વર્ષીય જહાનારા આલમે બાંગ્લાદેશ માટે ૫૨ વનડેમાં ૪૮ અને ૮૩ ટી૨૦ મેચમાં ૬૦ વિકેટ લીધી છે. તેણે કહ્યું કે, ટીમનો માહોલ છેલ્લા થોડા સમયથી ખરાબ થઈ ગયો છે. તેના લીધે મારૂ માનસિક સ્વાસ્થ્ય પણ ખોરવાયું છે. અને મેં ક્રિકેટથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. હું એકલી જ નથી, બાંગ્લાદેશની મહિલા ટીમમાં દરેક વ્યક્તિ તેનાથી પીડિત છે. દરેકની સમસ્યા અલગ છે. અહીં એક-બે ખેલાડીઓને જ સારી સુવિધા મળે છે. અને અમુક કિસ્સામાં માત્ર એક જ ખેલાડીને તમામ સુવિધા, માન-સન્માન આપવામાં આવે છે.

આલમે જણાવ્યા પ્રમાણે, ૨૦૨૧માં કોવિડ બાદથી શરૂ થયેલા કેમ્પ દરમિયાન તેના જેવા સીનિયર ખેલાડીઓને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ત્યારે તેને બાંગ્લાદેશની ત્રણ ટીમમાંથી એકમાં કેપ્ટન બનાવવામાં આવી હતી. અન્ય બે ટીમની કેપ્ટન જોતી અને શારમિન સુલ્તાના બની હતી. બસ ત્યારથી ખેલાડીઓ પર દબાણ થઈ રહ્યું છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવી ફગાવ્યા છે. બોર્ડે આ આરોપોને અંગત અદાવત અને ગુસ્સાનો ભાગ હોવાનું જણાવ્યું છે. આ દુર્ભાગ્યવશ છે કે, આવા અપમાનજનક અને વિવાદિત દાવાઓ એવા સમયે થઈ રહ્યા છે, જ્યારે બાંગ્લાદેશ મહિલા ટીમ આંતરરાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કરી રહી છે. આ આરોપોને સમર્થન આપતાં કોઈ પુરાવા નથી.

## બિહારમાં મતદાન પહેલા રાહુલ ગાંધીએ ફોડ્યો હાઈડ્રોજન બોમ્બ

# હરિયાણામાં વોટ ચોરી કરીને સરકાર રચી, ૨૫ લાખ ફેક વોટર્સ

**રાહુલે એક જ બૂથ પર ૨૨૩ વાર એક જ મહિલાનું નામ હોવાનો દાવો કરતા કહ્યું કે ચૂંટણી પંચે જવાબ આપવો જોઈએ કે તે મહિલાએ કેટલી વખત વોટ આપ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વોટ ચોરીના મુદ્દે નવી દિલ્હીના ઈન્દિરા ભવનમાં પ્રેસ કોન્ફરન્સ કરીને હાઈડ્રોજન બોમ્બ ફોડ્યો. 'H ફાઈલ્સ' નામથી થયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ચૂંટણીમાં ગોટાળાના ગંભીર આરોપ લગાવ્યા. આ પ્રેસ કોન્ફરન્સ એવા સમયે થઈ છે જ્યારે આવતી કાલે બિહારમાં પહેલા તબક્કાની ૧૨૧ વિધાનસભા સીટો પર મતદાન થશે. આ અગાઉ કોંગ્રેસે પોતાના ઓફિશિયલ એક્સ હેન્ડલ પર પોસ્ટ કરીને રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સ વિશે કહ્યું હતું કે, હાઈડ્રોજન બોમ્બ લોડિંગ.

રાહુલ ગાંધીએ એક જ બૂથ પર ૨૨૩ વાર એક જ મહિલાનું નામ હોવાનો દાવો કરતા કહ્યું કે ચૂંટણી પંચે જવાબ આપવો જોઈએ કે તે મહિલાએ કેટલી વખત વોટ આપ્યો. ચૂંટણી પંચે આ માટે આભાર માનવો જોઈએ. આ જ કારણ છે કે સીસીટીવી ફૂટેજ ડિલીટ કરી દેવાયું. સીસીટીવી ફૂટેજથી એ ખુલાસો થઈ જાય છે કે તે બૂથ પર શું થયું હતું. એક છોકરીએ ૧૦ જગ્યાએ મતદાન કર્યું. ફેક ફોટાવાળા એક લાખ ૨૪ હજાર ૧૭૭ મતદાર હતા. વોટર લિસ્ટમાં એક મહિલાએ નવ જગ્યાએ મતદાન કર્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે, તેની પાછળની દાનત સ્પષ્ટ હતી-ભાજપને મદદ કરવી. આ વોટચોરી ઝેન ઝીએ જોવી જોઈએ.

રાહુલ ગાંધીએ એક મહિલાનો ફોટો પણ દેખાડ્યો. જેના વિશે દાવો કરાયો કે તે મહિલાએ ૨૨ વખત મત આપ્યો. આ મહિલાના નામ સીમા, સ્વીટી, વિમલા જેવા અનેક નામ છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, આ મહિલા બ્રાઝીલની મોડલ છે. તેણે હરિયાણા ચૂંટણીમાં ૨૨ વખત મત આપ્યો. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે હરિયાણા ચૂંટણીમાં ૨૫ લાખ મત ચોરી થયા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, દાલચંદ યુપીમાં પણ વોટર છે, હરિયાણામાં પણ વોટર છે. તેમનો પુત્ર પણ હરિયાણામાં વોટર છે, યુપીમાં પણ ભાજપને વોટ કરે છે. આવા હજારોની સંખ્યામાં છે. જેમનું ભાજપ સાથે કનેક્શન છે. મથુરાના સરપંચ પ્રહ્લાદનું નામ પણ હરિયાણામાં અનેક જગ્યાએ વોટર લિસ્ટમાં છે. રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ઉપર પણ પ્રહાર કરતા કહ્યું કે, તેમણે દાવો કર્યો કે મકાન નંબર ઝીરો એવા લોકોના સમર્થનમાં નોંધવામાં આવે છે જેમની પાસે ઘર હોતા નથી. રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણી પંચની પીસીનો વીડિયો પણ ચલાવવામાં આવ્યો. જેમાં ઘર વિહોણા લોકો માટે વોટર લિસ્ટમાં નોંધાયેલા એડ્રેસ અંગે જાણકારી આપવામાં આવી રહી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે ક્રોસ ચેક કર્યું છે. મુખ્ય ચૂંટણી પંચે દેશની જનતાને ઊઘાડું જુઠ્ઠાણું કહ્યું. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે જે હરિયાણામાં થયું તે બિહારમાં થશે. બિહારમાં પણ વોટર લિસ્ટમાં ધાંધલી થઈ છે. તેમણે દાવો કર્યો કે મતદાર યાદી અમને છેલ્લી ઘડીએ આપવામાં આવી. તેમણે બિહારના અનેક વોટર્સને પણ મંચ પર બોલાવ્યા અને દાવો કર્યો કે તેમના નામ વોટર લિસ્ટથી કાપી નાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, આખા પરિવારના નામ વોટર લિસ્ટમાંથી કપાયા છે. બિહારમાં પણ લાખો લોકોના નામ કપાયા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતમાં ઝેન ઝી અને યુવાઓ જ સત્ય અને અહિંસાની સાથે લોકતંત્રને બચાવી શકે છે. રાહુલ ગાંધીએ એક ફોટો દેખાડ્યો કે એક ફોટો જે બ્લર છે તે અનેક જગ્યાએ ઉપયોગ થયો છે. ફોટામાં કોઈ પણ ચહેરો દેખાતો નથી પરંતુ તે અલગ અલગ નામો સાથે લાગેલો છે.

## વોટ ચોરીના સનસનીખેજ આરોપો બાદ ભાજપનો જવાબ

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પોતાની નિષ્ફળતા છુપાવે છે

**કિરેન રિજિજૂએ રાહુલ ગાંધીના આરોપોને નકારતા તેમની પ્રેસ કોન્ફરન્સને નિષ્ફળતા સંતાડવાનો પ્રયાસ જણાવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

ભાજપના કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હરિયાણા ચૂંટણીમાં વોટ ચોરીના આરોપ પર વળતો પ્રહાર કર્યો છે. ભાજપ નેતા કિરેન રિજિજૂએ રાહુલ ગાંધીના આરોપોને નકારતા તેમની પ્રેસ કોન્ફરન્સને નિષ્ફળતા સંતાડવાનો પ્રયાસ જણાવી દીધો છે. તેમણે કહ્યું કે, કોઈ પીપીટી બનાવીને આપી દે છે અને રાહુલ ગાંધી તેને બતાવીને ભાગી જાય છે.

બિહારમાં મતદાન છે પરંતુ, રાહુલ ગાંધી હરિયાણાની કહાણી સંભળાવી રહ્યા છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે, બિહારમાં તો મુદ્દા બચ્યા નથી, તેથી ધ્યાન ભટકાવા માટે હરિયાણાનો મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે.

ભાજપ નેતાએ કહ્યું કે, રાહુલ ગાંધીના એક્ઝિટ પોલમાં કોંગ્રેસ જીતી રહી હતી. ૨૦૦૪ની ચૂંટણી દરમિયાન પણ એક્ઝિટ પોલ અને ઓપિનિયન પોલ ભાજપ અને એનડીએને જીતાડી રહ્યા હતા. પરંતુ, મત ગણતરીના પરિણામમાં એનડીએ હારી ગયું. અમે પરિણામનો સ્વીકાર કર્યો અને યુપીએને શુભકામના પાઠવી, અમે ચૂંટણી પંચને ગાળ નથી આપી. લોકતંત્રમાં જીત અને હાર બંનેનો સ્વીકાર કરવો પડે છે. પરંતુ, એક્ઝિટ પોલ જ્યારે કોંગ્રેસના પક્ષમાં હોય ત્યારે તે વાહવાહી કરે છે અને જ્યારે વિરોધમાં જ્યારે ત્યારે મીડિયાને ગાળો ભાંડે છે. ભાજપની શક્તિ તેના કાર્યકર્તાઓ છે. અમે સતત સંઘર્ષ કરીને જીત હાંસલ કરી છે.

કિરેન રિજિજૂએ કહ્યું કે, હરિયાણામાં ચૂંટણી ચાલી રહી હતી, ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા કુમારી શૈલજાએ ખુદ કહ્યું હતું કે, કોંગ્રેસ ત્યાં નહીં જીતી શકે. કારણ કે, તેમના પોતાના નેતા જ પાર્ટીને હરાવવા ઈચ્છે છે. ત્યાર બાદ કોંગ્રેસના એક પૂર્વ મંત્રીએ રાજીનામું આપીને સ્પષ્ટ કહ્યું કે, કોંગ્રેસ હરિયાણામાં એટલે હારી કારણ કે, નેતા જમીન પર કામ નહતા કરી રહ્યા.

પ્રદેશ અધ્યક્ષ રાવ નરેન્દ્રએ માન્યું કે, કોંગ્રેસ પાર્ટી ગ્રાસરૂટ પર તાલમેલ નથી બેસાડી શકતી, તો પછી કોંગ્રેસ કેવી રીતે જીતી શકે? હરિયાણામાં વોટ ચોરી થઈ તો પોલિંગ એજન્ટે વાંધો કેમ ન ઉઠાવ્યો? વોટર લિસ્ટમાંથી નામ રદ કર્યા બાદ નામ જોડાઈ શકે તેવી પણ વ્યવસ્થા છે. તેમના પોતાના નેતા કહી રહ્યા છે કે, કોંગ્રેસ પોતાના કારણે હારી છે, જોકે રાહુલ ગાંધીનું કહેવું છે કે તે વોટચોરીના કારણે હાર્યા. આમા કોના પર વિશ્વાસ કરવો?

# બિહારમાં મતદાન પહેલા જ પ્રશાંત કિશોરને મોટો ઝટકો : મુંગેરના ઉમેદવાર સંજય સિંહના કેસરિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૦૫**

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલાં જ પ્રશાંત કિશોરની જનસુરાજ પાર્ટીને એક મોટો ઝટકો વાગ્યો છે.

મુંગેર વિધાનસભા બેઠક પરથી જન સુરાજના ઉમેદવાર સંજય સિંહ પક્ષ છોડી ભાજપમાં જોડાયા છે. સંજય સિંહે ભાજપમાં જોડાતાં જ ભાજપના ઉમેદવારને સમર્થન આપવાની જાહેરાત કરતાં પ્રશાંત કિશોરને મોટુ નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

જન સુરાજે સંજય સિંહને મુંગેર બેઠક પરથી ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતાં, તે છેલ્લા થોડા મહિનાથી પાર્ટી માટે સક્રિય પ્રચાર કરી રહ્યા હતા. પરંતુ આવતીકાલે છ નવેમ્બરે પ્રથમ તબક્કાની ચૂંટણી પહેલાં જ તેમણે ભાજપમાં સામેલ થવાની જાહેરાત કરતાં જન સુરાજની રાજકીય રણનીતિ પર પાણી ફરી વળ્યું છે. જેનાથી તેમની પાર્ટીને મોટું નુકસાન થવાની સંભાવના છે.

ભાજપમાં સામેલ થયા બાદ સંજય સિંહે એનડીએના વખાણ કરતાં જણાવ્યું કે, તેમનો આ નિર્ણય રાજ્યના વિકાસ અને સ્થિર સરકારના હિતમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં બિહારે જે કામ કર્યું છે, તેને વેગ આપવા માટે તે ભાજપની સાથે રહેશે. ઉલ્લેખનીય છે, ભાજપે મુંગેર વિધાનસભા બેઠક પરથી કુમાર પ્રણયને ટિકિટ આપી છે. આરજેડી તરફથી અવિનાશ કુમાર વિદ્યાર્થી મેદાનમાં છે. જન સુરાજના સંજય સિંહ ભાજપમાં જોડાઈ જતાં હવે મુકાબલો ભાજપ અને આરજેડી વચ્ચે જ રહેશે.

## રાહુલના મત ચોરીના આરોપો સામે ચૂંટણી પંચનો જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

હરિયાણામાં મત ચોરી અંગે રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સ બાદ, ચૂંટણી પંચે જવાબ આપ્યો છે. પંચે જણાવ્યું હતું કે, હરિયાણામાં મતદાર યાદી સામે કોઈ ફરીયાદ નથી. હાલમાં, ૯૦ વિધાનસભા બેઠકો સામે હાઈકોર્ટમાં ફક્ત ૨૨ ચૂંટણી અરજીઓ પેન્ડિંગ છે. આરોપોને સંબોધતા પંચે પૂછ્યું કે, ચૂંટણી દરમિયાન કોંગ્રેસના મતદાન એજન્ટો મતદાન મથકો પર શું કરી રહ્યા હતા. જો કોઈ મતદાર પહેલાથી જ પોતાનો મતદાન કરી ચૂક્યો હોય અથવા જો કોઈ મતદાન એજન્ટને મતદારની ઓળખ અંગે શંકા હોય, તો તેમણે વાંધો ઉઠાવવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને હરિયાણામાં મત ચોરીનો આરોપ લગાવ્યો હતો. રાહુલ ગાંધીનો દાવો છે કે, છેલ્લી લોકસભા ચૂંટણી દરમિયાન હરિયાણામાં આશરે ૨૫ લાખ મતોની ચોરી થઈ હતી. રાહુલ ગાંધીના જવાબ બાદ, સૂત્રોએ ચૂંટણી પંચનો અભિપ્રાય જાહેર કર્યો હતો.

પંચે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા પૂછ્યું કે, શું તેઓ "SIR" ને સમર્થન આપે છે, જે નાગરિકતા ચકાસણી સાથે ડુપ્લિકેટ, મૃત અને ટ્રાન્સફર થયેલા મતદારોને દૂર કરે છે, અથવા શું તેઓ તેનો વિરોધ કરે છે. પંચે પૂછ્યું કે, INC BLA દ્વારા બહુવિધ નામો ટાળવા માટે સુધારા દરમિયાન કોઈ દાવા કે વાંધો કેમ ઉઠાવવામાં આવ્યો ન હતો? INC BLA દ્વારા બહુવિધ નામો ટાળવા માટે સુધારા દરમિયાન કોઈ અપીલ કેમ દાખલ કરવામાં આવી ન હતી?

હરિયાણામાં મત ચોરીના આરોપો અંગે ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, કોઈ દાવો કરી રહ્યું છે કે, આ ડુપ્લિકેટ મતદારોએ કોંગ્રેસને મત આપ્યો હતો. રાહુલ ગાંધી દ્વારા લાવવામાં આવેલા સાક્ષી અંગે, પંચે પૂછ્યું કે, "RG ને કેવી રીતે ખબર પડે છે કે, તેઓએ BJP ને મત આપ્યો છે? તે સ્પષ્ટ છે કે, આ ડુપ્લિકેટ મતદારોએ કોંગ્રેસને મત આપ્યો હતો. RG એ કેવી રીતે અનુમાન લગાવ્યું કે, આ લોકોએ BJP ને મત આપ્યો છે?"

રાહુલ ગાંધીએ કહ્યું કે, તેમને હરિયાણા ચૂંટણી અંગે અસંખ્ય ફરિયાદો મળી છે અને પાર્ટીએ આ મામલે સંપૂર્ણ તપાસ હાથ ધરી છે. તેમણે કહ્યું કે, તપાસમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે. તેમણે ખાસ કરીને દેશના યુવાનો, GEN-Zને સંબોધિત કરતા કહ્યું કે, આ તેમના ભવિષ્યનો પ્રશ્ન છે અને તેઓએ આ બાબત પર ધ્યાન આપવું જોઈએ.

# ટકાઉ ભવિષ્ય માટે RSWM અને અદાણી એનર્જી સોલ્યુશન્સે સહયોગ કર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૫**

ભારતના અગ્રણી કાપડ ઉત્પાદકોમાંના એક અને LNJ ભીલવારા ગ્રુપની મુખ્ય કંપની RSWM લિ.એ ૬૦ મેગાવોટ રિન્યુએબલ એનર્જી પૂરી પાડવા માટે અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ટકાઉપણાની તેની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આ કરાર હેઠળ RSWM લિ.ની વધારાની વીજળીની જરૂરિયાત માટે સમગ્ર ગ્રીન પાવર વેલ્યુ ચેઇનનું અદાણી એનર્જી સોલ્યુશન્સ સંચાલન કરશે. આ માટે RSWMએ રાજસ્થાનમાં તેની ઉત્પાદન સુવિધાઓને વાર્ષિક ૩૧.૫૩ કરોડ યુનિટ ગ્રીન પાવર સપ્લાય કરવા માટે રિન્યુએબલ જેનકો સાથે ગ્રુપ કેપ્ટિવ સ્કીમ હેઠળ રૂા.૬૦ કરોડનું રોકાણ કર્યું છે. આ ઉમેરા સાથે RSWM ની ઊર્જાની કુલ જરૂરિયાતમાં રિન્યુએબલ ઊર્જાનું યોગદાન નજીકના ભવિષ્યમાં હાલના ૩૩% થી વધીને ૭૦% થશે. જે તેના કુલ ઊર્જા મિશ્રણના બે તૃતીયાંશ થવા જાય છે.

RSWM લિમિટેડના ચેરમેન- મેનેજિંગ ડિરેક્ટર અને સી.ઇ.ઓ. શ્રી રિજુ ઝુનઝુનવાલાએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ ટકાઉપણું સાથે વૃદ્ધિને સીધી લીટીથી જોડવાની અમારી લાંબા ગાળાની દ્રષ્ટિ પર ભાર મૂકે છે અને ભવિષ્યના અગ્રણી ઔદ્યોગિક એકમ તરીકેની અમારી સ્થિતિને શક્તિશાળી બનાવે છે. નવીનીકરણીય સ્રોતોમાંથી ઉર્જાની અમારી કુલ જરૂરિયાતના ૭૦% સ્રોત કરીને ભારતના સ્વચ્છ ઉર્જા મિશ્રણની રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણી ઉપર અર્થાત ૩૧% જવાબદાર ઉર્જા સંક્રમણમાં ઉદ્યોગના બેન્ચમાર્ક સ્થાપિત કરવાની દીશામાં RSWM સતત સક્રીય ભૂમિકા અદા કરે છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.ના સીઈઓ શ્રી કંદર્પ પટેલે આ સીમાચિહ્નરૂપ સોપાન સર કરવા માટે RSWM સાથે સહયોગ કરવાનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વ્યવસાયો માટે ટકાઉપણાનો હેતુ કેવી રીતે અભિન્ન બની રહ્યું છે તેની આ ભાગીદારી પ્રતિતી કરાવે છે. ટકાઉપણું સુનિશ્ચિત કરતી વખતે ઔદ્યોગિક વિકાસને મજબૂત બનાવવામાં નવીનીકરણીય ઉર્જાની સ્કેલેબિલિટી અને અસરનો આ સહયોગ પુરાવો છે. તેમણે ઉમેર્યું હતું કે, વાણિજ્યક અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે ઉર્જા ઉકેલના અગ્રણી પ્રદાતા તરીકે અમે અમારી નવીન ઓફરોના માધ્યમથી ઉદ્યોગોને ડીકાર્બોનાઈઝ કરવામાં મદદરુપ થવામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવાના વિશેષાધિકારની અનુભૂતિ કરીએ છીએ.

RSWM લિ.ના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, રૂા.૬૦ કરોડના ઈક્વિટી રોકાણ સાથે અમારી ટકાઉપણું યાત્રામાં આ સહયોગ એક સીમાચિહ્ન બનવા સાથે વૈશ્વિક સ્વચ્છ ઉર્જા બેન્ચમાર્ક સાથે તાલ મિલાવી અમારી પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તેમણે કહ્યું કે, ઉમદા હેતુ માટે હાઈબ્રિડ પાવરને એકીકૃત કરીને કંપની તેના કાર્બન ફૂટપ્રિન્ટને માત્ર ઘટાડી રહી નથી પરંતુ લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા અને કાર્યકારી કાર્યક્ષમતામાં પણ વધારો કરી રહી છે.

RSWMના નવીનીકરણીય ઉર્જા, સામગ્રી પ્રવાહ અથવા જવાબદારીભર્યા પાણીના ઉપયોગ થકી તેની કામગીરીના પ્રત્યેક હિસ્સામાં ટકાઉપણું શામેલ કરવા પર પરિણામલક્ષી ધ્યાન કેન્દ્રિત કરવાના કારણોએ તેને ફ્યુચર રેડી ટેક્ષટાઈલ લિડર બનાવી છે જે પુનર્જીવિત અને સ્થિતિસ્થાપક અર્થતંત્રમાં ફાળો આપે છે.

AESLનું C&I વર્ટિકલ કસ્ટમાઈઝ્ડ ઉર્જા ઉકેલો સાથે જથ્થાબંધ વીજળી વપરાશકારોને સેવા આપે છે. AESL તમામ ક્ષેત્રોના વ્યવસાયોને સ્પર્ધાત્મક દરે વધુને વધુ વિશ્વસનીય દરે હરિત ઉર્જા પૂરી પાડીને ઓપરેશનલ અને ટકાઉપણું બંને જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સહાય કરે છે. આગામી પાંચ વર્ષમાં કંપની ૭,૦૦૦ મેગાવોટના C&I પોર્ટફોલિયોનું લક્ષ્ય બનાવવા તરફ આગળ વધી રહી છે.

# અમેરિકામાં અમદાવાદની જેમ ઉડતાની સાથે જ વિમાન ક્રેશ : આગનો ગોળો બની મકાનો પર પડતાં ૩ના મોત

**સોશિયલ મીડિયા પર અકસ્માતના ઘણા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં એરપોર્ટની દક્ષિણે ફર્ન વેલી અને ગ્રેડ લેન પાસે કાળો ધુમાડો જોવા મળી રહ્યો હતો**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વૉશિંગ્ટન, તા.૦૫**
અમેરિકાના કેન્ટીકમાં લુઈસવિલે મોહમ્મદ અલી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મંગળવારે (4 નવેમ્બર) સાંજે 5 વાગ્યે ટેકઑફ કર્યા પછી તરત જ એક UPS કાર્ગો પ્લેન ક્રેશ થયું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભીષણ આગ લાગી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, આ અકસ્માતમાં અનેક ઘર બળીને ખાખ થઈ ગયા છે. આ ઘટના બાદ અધિકારીઓએ એરપોર્ટ બંધ કરી દીધું હતું અને નજીકના રહેવાસીઓને શેલ્ટર-ઈન-પ્લેસનો આદેશ આપ્યો છે. અકસ્માતમાં ત્રણ લોકોના મોત અને 11થી વધુ ઈજાગ્રસ્તની માહિતી સામે આવી છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે, આ આંકડો હજુ વધી શકે છે.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું હતું કે, UPS ફ્લાઈટ 2976 જે એક મેકડૉનેલ ડગલસ એમડી-11એફ વિમાન હતું અને હોનોલુલુ માટે રવાના થયું હતું. સ્થાનિક સમયાનુસાર સાંજે 5:15 ઉડાન ભર્યાની થોડી જ મિનિટ બાદ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ એરપોર્ટ યુપીએસ વર્લ્ડપોર્ટનું ઘર છે, જે કંપનીના એર કાર્ગો સંચાલનનું વૈશ્વિક સેન્ટર અને દુનિયાનું સૌથી મોટું પેકેજ હેન્ડલિંગ સુવિધા કેન્દ્ર છે.

કેન્ટકીના ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે, લુઈસવિલેમાં થયેલા ભયાનક વિમાન દુર્ઘટનામાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે અને 11 ઈજાગ્રસ્ત થયા છે. તેમણે ચેતવણી આપી હતી કે બચાવ પ્રયાસો હજુ પણ ચાલુ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

લુઈસવિલેના મેયર ક્રેગ ગ્રીનબર્ગે જણાવ્યું હતું કે, વિમાનમાં મોટી માત્રામાં જેટ ઈંધણ હોવાને કારણે આગ લાગી હતી. ગ્રીનબર્ગે એક મીડિયાને જણાવ્યું હતું કે, 'હું સમજું છું કે વિમાનમાં આશરે 280,000 ગેલન ઈંધણ હતું. જે અનેક પ્રકારે ચિંતાનું એક ગંભીર કારણ છે.' સોશિયલ મીડિયા પર અકસ્માતના ઘણા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં એરપોર્ટની દક્ષિણે ફર્ન વેલી અને ગ્રેડ લેન પાસે કાળો ધુમાડો જોવા મળી રહ્યો હતો. ઈમરજન્સી સર્વિસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને બચાવ કામગીરીમાં જોડાઈ ગઈ છે. કેન્ટકીના ગવર્નર એન્ડી બેશિયરે ઘટના વિશે માહિતી આપતાં X પર જણાવ્યું હતું કે, 'કેન્ટકી, અમને લુઈસવિલે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક વિમાન દુર્ઘટનાના અહેવાલો મળ્યા છે. બચાવ ટીમો પહેલાથી જ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને અમે માહિતી ઉપલબ્ધ થતાંની સાથે જ શેર કરવામાં આવશે. કૃપા કરીને પાઈલટ્સ, ક્રૂ અને અસરગ્રસ્ત દરેક વ્યક્તિ માટે પ્રાર્થના કરો. અમે ટૂંક સમયમાં વધુ માહિતી શેર કરીશું.'

સ્થાનિક મીડિયાએ એરપોર્ટ અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓને ટાંકીને જણાવ્યું હતું કે, આ અકસ્માતમાં યુપીએસ એરલાઈન્સનું કાર્ગો વિમાન સામેલ હતું, જે એરપોર્ટ પરિસરમાં કંપનીના વિશાળ લોજિસ્ટિક્સ સેન્ટરમાંથી કાર્યરત અનેક વિમાનોમાંથી એક હતું. ફ્લાઈટ રડાર 24 ના ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે, N259UP તરીકે નોંધાયેલ વિમાન - લુઈસવિલેથી સાંજે 5:10 વાગ્યે ઉડાન ભરી હતી અને રડારથી ગાયબ થતાં પહેલાં થોડા સમય માટે ઉડાન ભરી હતી. ફ્લાઈટ રડાર 24 ના ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે ફ્લાઈટ (નોંધાયેલ N259UP) લુઈસવિલેથી સાંજે 5:10 વાગ્યે ઉડાન ભરી હતી અને રડારથી ગાયબ થાય તે પહેલાં થોડી વારમાં ઉપર તરફ આગળ વધી રહી હતી. FAA અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) એ જાહેરાત કરી હતી કે તેઓ અકસ્માતના કારણની તપાસ કરશે.

<u>ટ્રમ્પની ધમકી છતાં ઐતિહાસિક જીત</u>

# ભારતીય મૂળના જોહરાન મમદાની ન્યૂયોર્કના મેયર બન્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂયોર્ક, તા.૦૫**
અમેરિકાના ન્યૂયોર્ક શહેરની મેયરપદની ચૂંટણીમાં ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ પાર્ટીના ઉમેદવાર ભારતીય મૂળના જોહરાન મમદાનીએ ઐતિહાસિક જીત મેળવી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આકરા વિરોધ અને ટીકાઓ છતાં મમદાનીએ પૂર્વ ગવર્નર અને અપક્ષ ઉમેદવાર એન્ડ્ર્યુ કુઓમો તથા રિપબ્લિકન ઉમેદવાર કર્ટિસ સ્લીવાને હરાવીને અમેરિકાના સૌથી મોટા શહેરનું નેતૃત્વ પોતાના હાથમાં લઈ લીધું છે. આ સાથે મમદાની ન્યુયોર્કના પ્રથમ ભારતીય અમેરિકન મુસ્લિમ મેયર બની ગયા છે. આ ચૂંટણીને ડોનાલ્ડ ટ્રમ્પ પછીના યુગની પ્રથમ મોટી રાજકીય પરીક્ષા માનવામાં આવી રહી હતી.

ન્યૂયોર્કના ચૂંટણી બોર્ડના જણાવ્યા અનુસાર, આ વખતે ૨૦ લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું હતું, જે ૧૯૬૯ પછીની મેયરપદની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન છે. આ રેકોર્ડબ્રેક મતદાનને કારણે એન્ડ્ર્યુ કુઓમોનો ખેમો ચિંતિત હતો. ૩૪ વર્ષીય જોહરાન મમદાનીએ આર્થિક અસમાનતાને દૂર કરવા માટે ક્રાંતિકારી ફેરફારોની હિમાયત કરી છે. તેમના પ્રેરણાદાયક દ્રષ્ટિકોણ અને નીડર એજન્ડાએ ન્યૂયોર્કના હજારો યુવા સમર્થકોને તેમની તરફેણમાં કર્યા છે. મમદાનીના અચાનક ઉભારે શહેરના ધનિક વર્ગને ચોંકાવી દીધો છે. મમદાનીને તેમની ચૂંટણી ઝુંબેશમાં અમેરિકાના પ્રગતિશીલ રાજકારણના મોટા ચહેરાઓ જેવા કે સેનેટર બર્ની સેન્ડર્સ અને પ્રતિનિધિ એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝનું પણ સમર્થન મળ્યું હતું. આ જીત સાથે, જોહરાન મમદાની ન્યૂયોર્કમાં ડેમોક્રેટ્સના નવા અને ઉભરતા સ્ટાર તરીકે સ્થાપિત થયા છે, જે અમેરિકન રાજકારણમાં સંભવિત મોટા ફેરફારોના સંકેત આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે મમદાનીને વારંવાર "કોમ્યુનિસ્ટ" અને "કટ્ટર સમાજવાદી" ગણાવ્યા હતા, જ્યારે મમદાની પોતાને ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ તરીકે ઓળખાવે છે.

ટ્રમ્પે ધમકી આપી હતી કે જો મમદાની જીતશે તો તેઓ અમેરિકન પ્રમુખ તરીકે ન્યૂયોર્ક શહેરને મળતું ફેડરલ ફંડિંગ (કેન્દ્રીય ભંડોળ) ઘટાડી નાખશે, કારણ કે તેમના મતે મમદાની શહેરને વિનાશ તરફ લઈ જશે.

<u>જાનમાલનું નુકસાન ટળ્યું</u>

# ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૨ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**
ઈન્ડોનેશિયાના સુલાવેસી દરિયા કાંઠે બુધવારે (૫ નવેમ્બર) વહેલી સવારે ૬.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ જોરદાર ભૂકંપ વિશે દેશના ભૂસ્તરશાસ્ત્રી એજન્સી દ્વારા માહિતી આપવામાં આવી છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, ઈન્ડોનિશિયાના સુલાવેસી તટ પર બુધવારે વહેલી સવારે ૬.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોકે, આ ભૂકંપની કોઈ સુનામીનું જોખમ નથી.

મળતી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્ર સુલાવેસી ટાપુના કિનારે સમુદ્રમાં હતું અને તેની ઊંડાઈ હજુ સુધી સ્પષ્ટ થઈ નથી. જોકે, પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપનો આંચકો હળવો અનુભવાયો હતો, પરંતુ કોઈ મોટું નુકસાન કે જાનમાલનું નુકસાન થયું નથી. તેથી તંત્ર દ્વારા સ્થાનિક રહેવાસીઓને સતર્ક રહેવા વિનંતી કરી છે. ઈન્ડોનેશિયા ('રિંગ ઑફ ફાયર' તરીકે ઓળખાતા ભૂકંપ અને જ્વાળામુખીની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સ્થિત) વારંવાર ભૂકંપથી પ્રભાવિત થાય છે. સપ્ટેમ્બર ૨૦૧૮ માં, સુલાવેસીમાં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ અને સુનામી આવ્યો, જેના કારણે ભારે વિનાશ થયો અને હજારો લોકોના મોત નિપજ્યા હતા.

એજન્સીએ અધિકારીઓને કહ્યું કે, તે ભૂકંપના કેન્દ્ર અને તેના પ્રભાવ પર નજર રાખી રહ્યા છે. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર છે. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મિલકતના નુકસાનની પુષ્ટિ થઈ નથી.

# અંતિમ તબક્કામાં ભારત-અમેરિકાની ટ્રેડ ડીલ, વ્હાઈટ હાઉસનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વૉશિંગ્ટન, તા.૦૫**
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી નિયમિત વાતચીત કરી રહ્યા છે, અને બંને દેશોની ટીમો વેપાર અને આર્થિક સહયોગ અંગે ગંભીરતાથી ચર્ચા કરી રહી છે. વ્હાઈટ હાઉસે મંગળવારે આ જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પને વડા પ્રધાન મોદી પ્રત્યે ખૂબ માન છે, અને બંને વારંવાર વાત કરે છે. તેમણે જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે વેપાર કરાર ગંભીર અને રચનાત્મક તબક્કામાં છે. લેવિટે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ અને તેમની વેપાર ટીમ ભારત સાથે સતત સંપર્કમાં છે, અને બંને પક્ષો આ મુદ્દા પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છે.

લેવિટે નોંધ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે તાજેતરમાં દિવાળી નિમિત્તે ઓવલ ઓફિસમાં વડા પ્રધાન મોદી સાથે વાત કરી હતી. આ કાર્યક્રમમાં ઘણા વરિષ્ઠ ભારતીય-અમેરિકન અધિકારીઓ પણ હાજર હતા. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ ભારત-અમેરિકન સંબંધો પ્રત્યે ખૂબ જ સકારાત્મક છે અને તેને અત્યંત મહત્વપૂર્ણ માને છે. તેમણે ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોર દ્વારા કરવામાં આવી રહેલા ઉત્તમ કાર્યની પણ પ્રશંસા કરી હતી.

ગયા અઠવાડિયે દક્ષિણ કોરિયાની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ ભારત સાથે નવા વેપાર કરાર પર પહોંચવાની આશા રાખે છે. આ નિવેદનને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ઠંડકના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં સંબંધો બગડ્યા હતા જ્યારે અમેરિકાએ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી પર નારાજગી વ્યક્ત કરીને ભારતીય આયાત પર ૫૦% સુધીનો ટેરિફ લગાવ્યો હતો. અમેરિકાએ સૌપ્રથમ ૩૦ જુલાઈના રોજ ૨૫% ટેરિફ લગાવ્યો હતો, ત્યારબાદ એક અઠવાડિયા પછી ૨૫% વધારાનો ટેરિફ લગાવ્યો હતો.

એ નોંધવું જોઈએ કે રશિયાના મુખ્ય તેલ નિકાસકારો, રોઝનેફ્ટ અને લુકોઈલ પર નવા યુએસ પ્રતિબંધો બાદ, ભારતીય રિફાઈનરીઓએ રશિયન તેલની ખરીદી ઘટાડી દીધી છે.

## મુવી ન્યૂઝ

<u>સલમાનની ફિલ્મનું શૂટ ડિસેમ્બરમાં પૂરું થવાનો અંદાજ</u>

# સલમાન ખાનની 'બેટલ ઓફ ગલવાન' ફિલ્મ જૂન ૨૦૨૬માં રિલીઝ થશે




**આ ફિલ્મમાં સલમાન ખાન અને ચિત્રાંગદા સિંઘ લીડ રોલમાં છે, સલમાન તેમાં કર્નલ બિક્કુમ્મલા સંતોષ બાબુનો રોલ કરી રહ્યો છે**




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૫**
સલમાન ખાન પોતાના સોશિયલ પર 'બેટલ ઓફ ગલવાન'ની તૈયારીની તસવીરો પોસ્ટ કરતો રહે છે. આ ફિલ્મ વિશે ચર્ચા ખતી રહી છે. ત્યારે હવે આ ફિલ્મનું શૂટિંગ પૂરું થવામાં છે. સલમાન આ ફિલ્મમાં ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે. તેણે આ ફિલ્મનો ફર્સ્ટ લૂક થોડાં વખત પહેલાં લોંચ કર્યો હતો. ત્યારથી ફિલ્મની રિલીઝ અંગે ચર્ચાઓ અને ધારણાઓ શરૂ થઈ ગઈ હતી.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બરમાં પૂરું થશે એવો અંદાજ છે. સુત્રે જણાવ્યા અનુસાર, "સપ્ટેમ્બરમાં લદાખમાં ઘણાં મોટા ભાગનું શૂટિંગ થઈ ગયું છે. ત્યાં ફિલ્મના ઘણા પડકારરૂપ એક્શન સીન શૂટ થયા છે. ડિસેમ્બરમાં ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં પૂરું થશે. આ ફિલ્મ અપૂર્વ લાખિયાએ ડિરેક્ટ કરી છે અને હાલ તેઓ ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન પર ધ્યાન આપી રહ્યા છે."

સુત્રના જણાવ્યા અનુસાર, આ ફિલ્મ જાન્યુઆરી અથવા જૂન ૨૦૨૬માં રિલીઝ થશે. આ અંગે સુત્રે જણાવ્યું, "હજુ શૂટ ચાલુ છે, તેથી જાન્યુઆરીમાં ફિલ્મ રિલીઝ કરવી શક્ય નથી. તેથી જૂનમાં રિલીઝ કરવા પર ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે. તેથી કોઈ ચોક્કસ અને સારી તારીખ પર આવતા વર્ષના જુલાઈ કે ઓગસ્ટમાં ફિલ્મ રિલીઝ કરવાનો વિચાર છે."

તાજેતરમાં શાહરુખ ખાનની ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું ત્યારે હવે સલમાન ખાનના ફૅન્સ પણ આવા કોઈ ટીઝર કે ઝલકની આશા રાખે છે. છતાં એવી ચર્ચા છે કે ફિલ્મ અંગે કોઈ ઝલક ૨૭ ડિસેમ્બર આસપાસ જોવા મળે તેવી અપેક્ષા છે. આ ફિલ્મમાં સલમાન ખાન અને ચિત્રાંગદા સિંઘ લીડ રોલમાં છે, સલમાન તેમાં કર્નલ બિક્કુમ્મલા સંતોષ બાબુનો રોલ કરી રહ્યો છે. ૨૦૨૨માં આવેલ પુસ્તક ઈન્ડિયાઝ મોસ્ટ ફિઅરલેસ ૩ પર આ ફિલ્મ આધારીત છે, જે શિવ અરુર અને રાહુલ સિંઘ દ્વારા લખવામાં આવી છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનનો કેમિયો હોવાના અહેવાલોને જોકે, અપૂર્વ લાખિયાએ ખોટા જણાવ્યા છે.

<u>એક્ટરની પત્ની સુનીતાનું દર્દ છલકાયું</u>

# ગોવિંદા મને પૈસા નથી આપતો, પૂજા પર લાખો રૂપિયા ખર્ચે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૫**
ગોવિંદાની પત્ની સુનિતાએ હાલમાં જ પારસ છાબડાના પોડકાસ્ટમાં ગેસ્ટ બની હતી. અહીં સ્ટારપત્નીએ પતિને લઈને મોટા ખુલાસા કર્યા હતા. ગોવિંદાના અફેર અને છૂટાછેડાના સમાચારો પર પ્રતિક્રિયા આપી હતી. સુનિતાએ ગોવિંદાના અનુયાયીઓને પણ ઠપકો આપ્યો.

સુનિતાએ કહ્યું કે, ગોવિંદા તેને એનિમલ શેલ્ટર ખોલવા માટે પૈસા આપતો નથી, પરંતુ પૂજા પર લાખો ખર્ચ કરવા તરત તૈયાર થઈ જાય છે. સુનિતા કહે છે, ' અમારા ઘરમાં પણ એક ગોવિંદાનો પૂજારી છે. તે કહે છે, 'આ પૂજા માટે મને ૨ લાખ રૂપિયા આપો.' હું કહું છું કે ગોવિંદાએ જાતે પૂજા કરવી જોઈએ. પંડિત દ્વારા કરાવવામાં આવેલ પૂજા પાઠ કોઈ કામ નહીં આવે. તમે જાતે જે પૂજા કરશો તે જ તે ભગવાન સ્વીકારશે. 'હું પંડિત દ્વારા કરાવવામાં આવતી પૂજા પર વિશ્વાસ નથી કરતી. જો હું દાન કરું છું અથવા કંઈક સારું કરું છું, તો હું તે મારા પોતાના હાથે કરું છું. જેથી તેનું કર્મ મને જ મળે.'

સુનિતાએ જણાવ્યું કે, 'ગોવિંદાને તેના નજીકના લોકો કાન ભંભેરણી કરે છે અને તેને પાયાવિહોણી સલાહ આપે છે. તે કહે છે, 'મારી એક ઈચ્છા છે કે હું એક વૃદ્ધાશ્રમ અને પ્રાણીઓ માટે ઘર બનાવું. હું ખાતરી કરીશ કે હું આ બધું મારા પોતાના પૈસાથી કરીશ. તેના માટે હું ગોવિંદા પાસેથી એક પણ રૂપિયો નહીં લઉં. કારણ કે, તે મને પૈસા આપતો નથી, તે તેના મિત્રોને આપે છે.'

<u>વિજય દેવરકોંડા વિશે સવાલ પૂછાતા રશ્મિકા શરમાઈ ગઈ</u>

# રશ્મિકા મંદાનાએ પહેલી વખત એન્ગેજમેન્ટ રીંગ જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૫**
તાજેતરમાં રશ્મિકા મંદાના જગપતિ બાબુના શો જયમ્મુ નિશ્ચયમ્મુ રા પર પોતાની આવનારી ફિલ્મ ગર્લફ્રેન્ડને પ્રમોટ કરવા મહેમાન તરીકે આવી હતી. આ ચર્ચાઓ વચ્ચે તેણે પોતાની એન્ગેજમેન્ટ રીંગ બતાવવાની બિલકુલ કોશિશ કરી નહોતી અને પોતાની રીંગ પહેલી વખત જાહેર કરી હતી. ખાસ તો તેને જ્યારે વિજય વિશે સવાલ પૂછાયો ત્યારે તે શરમાઈ ગઈ હતી અને આ બાબતે ઓડિયન્સનું ધ્યાન ખેચ્યું હતું. પહેલી વખત એક જવાબમાં જ્યારે રશ્મિકાએ કોરિયન હાર્ટની નિશાની કરીને દર્શકોનું અભિવાદન કર્યું ત્યારે તેની વીંટી લોકોના ધ્યાનમાં આવી હતી.


જગપતિએ રશ્મિકાની મજાક કરતાં કહ્યું, 'મને લાગે છે, વિજેય દેવરકોંડા મિત્ર, વિજય સેતુપતિ ફૅન અને વિજય થલાપતિ ઓલટાઈમ ફૅન, તો તેં તો વિજય પર વિજય હાંસલ કરી લીધો છે.' ત્યારે રશ્મિકા ખુલીને હસી પડી હતી. તેણે મજાકમાં દર્શકો સમક્ષ આંખ પણ મારી હતી. આ સાથે જ્યારે રશ્મિકાને તેનાં બાળપણની તસવીર બતાવવામાં આવી, તો તેણે કહ્યું કે એ ફોટો ચેન્નઈમાં લેવાયો છે. ત્યારે જગપતિએ ફરી મજાક કરી હતી કે, 'તો ત્યારે પણ તું વિજની ફૅન હતી.'

પછી તેમણે રશ્મિકાને વીંટી વિશે પ્રશ્ન પૂછ્યો, 'આ બધી વીંટીઓ કંઈ ખાસ મહત્વની છે?' તો રશ્મિકાએ જવાબમાં કહ્યું હતું, 'હા એ બધી ખુબ મહત્વની વીંટી છે.' ત્યારે સંચાલકે કહ્યું, 'મને વિશ્વાસ છે કે તેમાંથી એક રીંગ તારી સૌથી ગમતી રીંગ છે અને તેની પાછળ એક ઈતિહાસ પણ છે.' ત્યારે રશ્મિકાએ શરમાઈને ખાલી સ્મિત કર્યું અને તેનાં આ જવાબથી ઓડિયન્સમાંથી ચીચીયારીઓ પડી હતી. આટલું જ નહીં આ શો જે ચેનલ પર આવે છે, તેના સોશિયલ મીડિયા પેજ પર લોકોને આકર્ષવા પોસ્ટ કરાઈ હતી કે, 'કોઈ પ્લીઝ કહો કે આ વીંટીઓ કોણે આપી છે.' હૈદ્રાબાદમાં ઓક્ટોબરમાં વિજય અને રશ્મિકાએ સગાઈ કરી લીધી હોવાના અહેવાલો હતા. સાથે જ તેઓ ફેબ્રુઆરીમાં લગ્ન કરવાના હોવાના પણ અહેવાલો છે.

<u>નુપુર ખૂબ જ શાંતિપૂર્ણ અને સંતોષી જીવન જીવે છે</u>

# ગ્લેમરની દુનિયા છોડીને, નુપુર અલંકાર ગુફામાં સ્થાયી થઈ વિતાવે છે જીવન

**૨૦૨૨ માં, નુપુરે મનોરંજન જગતને કાયમ માટે અલવિદા કહી દીધું, સન્યાસ લીધો અને "પિતામ્બર મા" નામ અપનાવ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૫**
પ્રખ્યાત ટીવી અભિનેત્રી નુપુર અલંકાર "અગલે જનમ મોહે બિટિયા હી કીજો" અને "ઘર કી લક્ષ્મી બેટિયાં" જેવા લોકપ્રિય શો માટે જાણીતી છે. પરંતુ હવે તે પિતાંબર મા બની ગઈ છે. 2022 માં, તેણીએ સાંસારિક જીવનનો ત્યાગ કરીને અને સંન્યાસ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. મનોરંજન ઉદ્યોગમાં સફળ કારકિર્દી પછી, તેણીએ સંપૂર્ણપણે આધ્યાત્મિક જીવન અપનાવવાનું નક્કી કર્યું.

નુપુરે તે પરિસ્થિતિઓ સમજાવી જેના કારણે તેણીને આ કઠોર પગલું ભરવાની ફરજ પડી. તેણીએ જણાવ્યું કે, તેણીની અભિનય કારકિર્દી દરમિયાન તેણીનું જીવન હંમેશા આધ્યાત્મિક વલણ ધરાવતું હતું, પરંતુ વ્યક્તિગત મુશ્કેલીઓ અને નાણાકીય મુશ્કેલીઓની લાંબી યાદી તેણીને દુનિયાથી દૂર કરવા અને ભગવાનની ભક્તિના માર્ગ પર લઈ ગઈ.

નુપુરે સમજાવ્યું કે, પીએમસી બેંક કૌભાંડ તેના જીવનનો સૌથી મોટો વળાંક સાબિત થયો. તેણીએ કહ્યું, "મારા જીવનમાં જે કંઈ બન્યું તે બધું ગૂગલ પર રેકોર્ડ થયેલ છે. પીએમસી બેંક કૌભાંડથી બધું શરૂ થયું, જ્યારે જીવનનું સત્ય પ્રકાશમાં આવ્યું. આ કૌભાંડ પછી, મારી માતા બીમાર પડી, અને તેમની સારવાર આર્થિક રીતે મુશ્કેલ બની ગઈ. પછી મારી માતા અને બહેન બંનેનું અવસાન થયું - તે મારા માટે ફટકો હતો.

નુપુરે કહ્યું, "મેં પહેલાથી જ દુનિયાથી દૂર રહેવાનું શરૂ કરી દીધું હતું. મને હવે આ ભૌતિક જીવનમાં કોઈ રસ રહ્યો નથી. મેં જેની સાથે જોડાયેલી હતી તે દરેકની પરવાનગી માંગી અને પછી આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો." આજે, નુપુર ખૂબ જ શાંતિપૂર્ણ અને સંતોષી જીવન જીવે છે. તેણી કહે છે કે આ જીવનથી તેણીને સાચી શાંતિ અને આધ્યાત્મિક સ્પષ્ટતા મળી છે. "જ્યારે મેં મારી જાતને ભૌતિક દુનિયાથી દૂર કરી, ત્યારે જીવન સરળ બન્યું. પહેલાં, હું બિલ, ખર્ચ અને દેખાવમાં ખૂબ જ વ્યસ્ત રહેતી હતી. હવે, હું દર મહિને માત્ર 10,000-12,000 રૂપિયા પર મારું જીવન ચલાવું છું.

એક સાધુ તરીકેના પોતાના જીવન વિશે, તેણીએ કહ્યું, "હું વર્ષમાં થોડી વાર ભિક્ષાતન કરું છું. એટલે કે, હું લોકો પાસેથી ખોરાક માંગું છું અને ભગવાન અને મારા ગુરુ સાથે વહેંચું છું. આનાથી અહંકાર દૂર થાય છે. મારી પાસે ફક્ત ચાર કે પાંચ જોડી કપડાં છે. લોકો આશ્રમમાં જે કંઈ દાન કરે છે તે મારા માટે પૂરતું છે.

2022 માં, નુપુરે મનોરંજન જગતને કાયમ માટે અલવિદા કહી દીધું, સન્યાસ લીધો અને "પિતામ્બર મા" નામ અપનાવ્યું. નુપુરના લગ્ન ટીવી અભિનેતા અલંકાર શ્રીવાસ્તવ સાથે થયા હતા, અને તેમનો સંબંધ 20 વર્ષથી વધુ સમય સુધી ચાલ્યો. જોકે, જ્યારે નુપુરે નિવૃત્તિ લેવાનું નક્કી કર્યું, ત્યારે અલંકારે તેણીને સંપૂર્ણ ટેકો આપ્યો. નુપુર અલંકાર, જે હવે પિતાંબરા મા તરીકે ઓળખાય છે, સાદગી, સેવા અને ભક્તિનું જીવન જીવે છે. તે લોકોને ભૌતિક વસ્તુઓની શોધ કરતાં આધ્યાત્મિક શાંતિ અને ભગવાન સાથેના જોડાણને પ્રાથમિકતા આપવાની સલાહ આપે છે.

### રિષભ પંતની વાપસી, શમીને ન મળ્યો મોકો

# સાઉથ આફ્રિકા ટેસ્ટ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત





**આ બે મેચની ટેસ્ટ સીરિઝ ૧૪ નવેમ્બરથી શરૂ થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

ભારત-સાઉથ આફ્રિકા ટેસ્ટ સીરિઝ માટે આજે(૫ નવેમ્બર) ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ બે મેચની ટેસ્ટ સીરિઝ ૧૪ નવેમ્બરથી શરૂ થશે. જોકે, આ સીરિઝની ખાસ વાત એ છે કે મોહમ્મદ શમીને ફરી એકવાર બહાર રાખવામાં આવ્યો છે. ઘરઆંગણે સીરિઝમાં શમીના પ્રદર્શન અને ટીમ પસંદગીને લઈને તાજેતરમાં થયેલા શાબ્દિક ઝઘડાને પગલે શમીનો સમાવેશ થાય તેવી અપેક્ષા હતી. જોકે, તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી.

ભારતની ટેસ્ટ ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ અને આકાશ દીપ.

જોકે, BCCIની પસંદગી સમિતિએ આગામી બે મેચોની સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. જેના માટે શુભમન ગિલને ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન બનાવાયા છે, જ્યારે રિષભ પંત વાઈસ કેપ્ટન અને વિકેટકીપરની ભૂમિકા નિભાવશે. આ ટેસ્ટ સીરિઝ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાતી એક બહુપ્રતિક્ષિત મેચ માનવામાં આવે છે, જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ચક્રની દ્રષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

રિષભ પંતની વાપસી પણ મોટા સમાચાર છે. ઈંગ્લેન્ડમાં માનચેસ્ટર ટેસ્ટ દરમિયાન પંતને ગંભીર રીતે ઈજા થઈ હતી. પરંતુ પંતે સાઉથ આફ્રિકા છ વિરૂદ્ધ સારી ઈનિંગ રમીને પોતાની વાપસીના સંકેત આપ્યા હતા. હવે તેમની વાપસી થઈ ગઈ છે, જે WTC પ્રવાસ માટે સારો છે.

ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ ટીમના સંતુલનને મજબૂતી આપશે, જ્યારે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ નવા બોલના મોરચે અનુભવ લઈને ઉતરશે. યુવા ફાસ્ટ બોલર આકાશદીપને પણ ટીમમાં મોકો આપવામાં આવ્યો છે, જેનાથી તેમને ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કરવાનો મોકો મળી શકે છે.

ટેસ્ટ સીરિઝની પહેલી મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ૧૪ નવેમ્બરે રમાશે. જ્યારે બીજી ટેસ્ટ મેચ ગુવાહાટીમાં ૨૨ નવેમ્બરે રમાશે. BCCI એ ભારત A વનડે ટીમની પણ જાહેરાત કરી છે. એવું માનવામાં આવી રહ્યું હતું કે વિરાટ કોહલી અને રોહિત શર્મા ટીમમાં રમશે, પરંતુ બંને ટીમમાંથી કોઈનું નામ ટીમમાં નથી.

ભારત A ટીમ : તિલક વર્મા (કેપ્ટન), ૠતુરાજ ગાયકવાડ (વાઈસ-કેપ્ટન), અભિષેક શર્મા, રિયાન પરાગ, ઈશાન કિશન (વિકેટકીપર), આયુષ બદોની, નિશાંત સિંધુ, વિપ્રજ નિગમ, માનવ સુથાર, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રસિધ કૃષ્ણા, ખલીલ અહેમદ અને પ્રભસિમરન સિંહ (વિકેટકીપર).

### વરિષ્ઠ નેતાઓની બેઠકમાં લેવાયો નિર્ણય

# કોંગ્રેસ રાજ ઠાકરેની પાર્ટી સાથે ગઠબંધન નહીં કરે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

મહારાષ્ટ્ર કોંગ્રેસે બિહાર વિધાનસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે એક મોટો રાજકીય નિર્ણય લીધો છે. તિલક ભવન ખાતે પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સાપકાલની અધ્યક્ષતામાં વરિષ્ઠ નેતાઓની બેઠક યોજાઈ હતી, જેમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી એવા દળો સાથે ગઠબંધન કરવા માટે તૈયાર છે જે I.N.D.I.A. ગઠબંધનનો ભાગ છે, પરંતુ એમએનએસ સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન કરશે નહીં. આ નિર્ણયની જાણકારી ટૂંક સમયમાં જ દિલ્હી હાઈકમાન્ડને આપવામાં આવશે. કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે, એમએનએસ જેવી પાર્ટી ખુલ્લેઆમ ઉત્તર ભારતીયો અને લઘુમતીઓ વિરુદ્ધ વલણ ધરાવે છે, તેની તેવી પાર્ટીઓ સાથે ગઠબંધન કરવું પાર્ટી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ખાસ કરીને બિહારમાં ચૂંટણી માહોલને ધ્યાનમાં રાખીને આ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે.

તાજેતરમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ વોટની કથિત હેરાફેરી અને પારદર્શિતાના અભાવ જેવા મુદ્દાઓ પર સત્તાધારી પક્ષ અને ચૂંટણી પંચ સામે મહા વિકાસ આઘાડી (MVA) સાથે મળીને આક્રમક વલણ અપનાવ્યું હતું, તેમ છતાં કોંગ્રેસે એમએનએસથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્રમાં મહા વિકાસ અઘાડીમાં કોંગ્રેસ ઉપરાંત ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટી અને શરદ પવારની NCPSP સામેલ છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે નજીક આવ્યા હોવાની અહેવાલો સામે આવ્યા બાદ રાજ્યના રાજકારણમાં ખળભળાટ અને ચર્ચાઓ ચાલી રહી છે. સૂત્રોનું માનીએ તો, ઉદ્ધવ ઠાકરેની પાર્ટી આગામી BMC ચૂંટણીઓમાં રાજ ઠાકરે સાથે ગઠબંધન કરી શકે છે.

### સુરતમાં સંબંધોને શર્મસાર કરતો કિસ્સો

# સગીરાએ નવજાત શિશુ ત્યજ્યું અને ખુલ્યા સાવકા બાપના રાઝ

**આ મામલે પોલીસે આધેડ વયના એક પુરુષની ધરપકડ પણ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૦૫:** સુરતમાં સંબંધોને શર્મસાર કરતો વધુ એક ઘૃણાસ્પદ કિસ્સો સામે આવ્યો છે, જે કિસ્સાની શરૂઆત તો માત્ર કોઈએ ત્યજી દીધેલું નવજાત શિશુ મળી આવતા થઈ હતી, પરંતુ આ ઘટના અંગે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા એક સગીર વયની દીકરીની હૃદયદ્રાવક અને કાળજું કંપાવે તેવી હકીકત બહાર આવતા એક ઘરમાં બંધ કાળા રાઝ ખુલ્યા છે, જે આ મામલે પોલીસે આધેડ વયના એક પુરુષની ધરપકડ પણ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં એક ઘટના અંગે એવો ઘટસ્ફોટ સામે આવ્યો છે, એક સગીરાએ જન્માવેલા નવજાત શિશુને ત્યજી દીધા પછી પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ સગીરા પર તેના સાવકા પિતાએ જ વારંવાર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી દીધી હતી. સગીર વયની હોવા છતાં આરોપી ધમકીઓ આપીને તેને ચૂપ રાખતો હતો. જોકે કામરેજ પોલીસે ગણતરીના કલાકોમાં જ આ નરાધમ પિતાને ઝડપી પકડી લીધો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતવાર વાત કરીએ તો, કામરેજ તાલુકાના એક ગામમાં તાજેતરમાં એક નવજાત શિશુને ત્યજી દીધેલા હાલમાં મળ્યાની ફરિયાદ મળી હતી. સ્થાનિક લોકોની મદદથી પોલીસે આ બાળકનું સફળ રેસ્ક્યુ કર્યું હતું અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. આ ઘટના તાજી હોવાથી પોલીસે તપાસ શરૂ કરી, જેમાં મોટો ઘટસ્ફોટ સામે આવ્યો છે અને આ ઘટસ્ફોટ થતા ઘટનાએ સમગ્ર સમાજને હચમચાવી નાખ્યો છે.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ ત્યજી દીધેલું બાળક અંદાજે ૧૫-૧૬ વર્ષની સગીર વયની દીકરીનું છે, જેને પોતાના સાવકા પિતા દ્વારા વારંવાર દુષ્કર્મનો શિકાર બની હતી. જાનથી મારી નાખવાની ધમકી આપી આ સાવકો બાપ પોતાની સગીર વયની દીકરી પર અવારનવાર દુષ્કર્મ આચરતો હતો. જેથી તે ગર્ભવતી બની ગઈ હતી અને બાળકને જન્મ પણ આપ્યો હતો, જો કે તે આખી ઘટનાથી ભયભીત થઈ ગઈ હતી એટલે તેણે આ નવજાત શિશુને ત્યજી દીધું હતું.

નોંધનીય છે કે, કામરેજ તાલુકામાં તાજું જન્મેલું શિશુ મળ્યાનો મામલો પોલીસ પાસે પહોંચતા કામરેજ પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને ગણતરીના કલાકોમાં જ આ કેસ ઉકેલી નાખ્યો છે અને આ મામલે પીડિત સગીરા પર વારંવાર દુષ્કર્મ આચર્યાના ગુનામાં પોલીસે પીડિતાના બાપની ધરપકડ કરીને તેને જેલહવાલે કર્યો છે, ત્યારે સંબંધોને શર્મસાર કરતી આ આખી ઘટનાની સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

# આજથી દેવા માફીની માંગ સાથે કોંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રા






(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગીર સોમનાથ, તા.૦૫**

રાજયમાં કમોસમી વરસાદના લીધે ૪૨ લાખ હેક્ટર માં ૧૬,૦૦૦ જેટલા ગામોમાં આ વરસાદથી નુકસાન થયું છે. જેના કારણે ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. ત્યારે ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. એક તરફ આમ આદમી પાર્ટી સક્રિય બની છે, તો બીજી તરફ કોંગ્રેસે પણ ખેડૂતોના મુદ્દે 'ખેડૂત આક્રોશ યાત્રા'નું આયોજન કર્યું છે. આ યાત્રાનો પ્રારંભ આવતીકાલે ૬ નવેમ્બરના રોજ ગીર સોમનાથની પવિત્ર ધરતી પરથી થશે.

કોંગ્રેસના નેતા અમિત ચાવડાની આગેવાની હેઠળ આ યાત્રા શરૂ થશે. યાત્રાની શરૂઆત સોમનાથ મંદિરમાં દર્શન કર્યા બાદ કરવામાં આવશે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોના દેવા માફીની માંગને બુલંદ કરવાનો છે.

આ 'ખેડૂત આક્રોશ યાત્રા' સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાઓને આવરી લેશે. ગીર સોમનાથથી શરૂ થઈ આ યાત્રા જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર અને પોરબંદર થઈને ૧૩ નવેમ્બરના રોજ દ્વારકામાં સમાપન થશે. રાજકીય વિશ્લેષકોના મતે આ યાત્રા દ્વારા કોંગ્રેસ સૌરાષ્ટ્રમાં પોતાની પકડ મજબૂત કરવા મેદાને ઉતરી છે. યાત્રા દરમિયાન, કોંગ્રેસના નેતાઓ ખેડૂતોની વેદના અને સમસ્યાઓ જાણવા માટે સીધા તેમના ખેતર સુધી જશે અને તેમની સાથે સંવાદ કરશે.

યાત્રામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી, પૂર્વ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલ, તેમજ બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના વરિષ્ઠ આગેવાનો હાજર રહેશે અને ખેડૂતોના પ્રશ્નોને વાચા આપશે.

ગુજરાતમાં ચાલુ વર્ષે અતિવૃષ્ટિ અને ભારે માવઠાને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. પાકને થયેલા વ્યાપક નુકસાનને લીધે ખેડૂતો પાયમાલ બન્યા હોવાના અહેવાલો વચ્ચે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને ગુજરાતના ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરવા માટે ભારપૂર્વક રજૂઆત કરી છે.

પત્રમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું કે, 'જો સરકાર દ્વારા ખેડૂતોના દેવા માફ કરવામાં આવે તો ધારાસભ્ય તરીકે અમોને મળતો પગાર અમો આ દેવા માફીમાં આપવા તૈયાર છીએ.'

# ઊના તાલુકાના રેવદ ગામમાં હૃદયદ્રાવક ઘટનાઃ મગફળીનો તૈયાર પાક માવઠાથી નિષ્ફળ જતાં ખેડૂતની આત્મહત્યા



**ખેતી પાક માટે મંડળીમાંથી લીધેલું બે લાખનું કરજ અને હવે દીકરીના લગ્ન કેમ કરી શકીશ તેવા માનસિક તણાવમાં તેઓએ આ અંતિમ પગલું ભરી લીધું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઊના, તા.૦૫**

ઊના પંથકના રેવદ ગામે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માવઠાથી મગફળીનો તૈયાર પાક નિષ્ફળ જવાથી ખેડૂતે કૂવામાં પડી આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી છે. ખેતી પાક માટે મંડળીમાંથી લીધેલું બે લાખનું કરજ અને હવે દીકરીના લગ્ન કેમ કરી શકીશ તેવા માનસિક તણાવમાં તેઓએ આ અંતિમ પગલું ભરી લીધું હતું.

રેવદ ગામે રહેતા ખેડૂત ગફારભાઈ મુસાભાઈ ઉનડજામે પોતાની નવ વીઘા ખેતીની જમીનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ માટે મંડળીમાંથી બે લાખ રૂપિયાનું કરજ પણ લીધું હતું. મગફળીનો પાક તૈયાર થઈ જતા તેને કાઢવા માટે તેમણે શેઢા પાડોશી હુસેનભાઈ સમા પાસે ખેત ઓજારો માંગ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે થ્રેસરથી મગફળી કાઢવાની તૈયારી કરી રહ્યા હતા એ સમયે જ અચાનક કમોસમી વરસાદ શરૂ થઈ જતા મગફળીનો સંપૂર્ણ પાક બરબાદ થઈ ગયો હતો. પરિવારની આજીવિકા જ ખેતી પર નિર્ભર હોવાથી તેઓ કુદરતી આફતથી ભાંગી પડયા હતા. આવી માનસિક સ્થિતિમાં ગત તા.૩ના બપોરના ત્રણ વાગ્યા પછી ગાય માટે નિરણ લેવા વાડીએ જવાનું કહી ઘરેથી નીકળી ગયા હતા. ત્યારબાદ રાત્રિના તેઓ ઘરે ન આવતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. આ અંગેની જાણ થતાં ગામના લોકો દ્વારા પણ તેમની શોધખોળ શરૂ કરાઈ હતી.

તપાસ કરાતાં તેમની વાડીએ ઓરડીમાંથી ગફારભાઈના બુટ, મોબાઈલ અને શર્ટ મળી આવ્યા હતા, જેથી તેઓ કૂવામાં પડી ગયાની આશંકા વ્યક્ત કરાઈ હતી. શોધખોળના અંતે મૃત્તદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે મૃતક ગફારભાઈના પુત્ર ઉજેફભાઈનું પ્રાથમિક નિવેદન લેતા તેના જણાવ્યા મુજબ માવઠાથી પાકને નુકસાન થતા તે ખૂબ જ ડિપ્રેસનમાં આવી ગયા હતા. હવે મંડળી સહિતનું બધું દેવું કઈ રીતે ભરપાઈ થશે, નજીકના સમયમાં દીકરીનો લગ્નપ્રસંગ હોવાથી તે કેવી રીતે કરીશું તેની સતત ચિંતા કરી રહ્યા હતા. આ ઘટનામાં પીઆઈ રાણાનો સંપર્ક કરાતા હાલ આકસ્મિક મોતની નોંધ કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. કૂવો પાણીથી ભરેલો હોવાથી ગામના સરપંચ ભીખાભાઈ રામજીભાઈ ચંદેરાએ માણસોની મદદથી ત્રણેક જેટલી મોટર મુકાવી પાણી ઉલેચવાનું શરૂ કરાવ્યું હતું. કૂવામાં પાણી ઓછું થતા અંદર મીંદડી નાખવામાં આવતા તેમાં મૃતદેહ ફસાઈ ગયો હતો. તેમણે ૩થી ૪ ફૂટના સિમેન્ટના પેઢીયા સાથે પોતાને બાંધીને કૂવામાં ઝંપલાવી દીધું હશે એટલે ગફારભાઈનો મૃતદેહ પેઢિયા સાથે બંધાયેલી હાલતમાં હતો, જેને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

માવઠાથી પાક નુક્સાનીના આઘાતમાં ગફારભાઈએ જીવન લીલા સંકેલી લેતા ત્રણ પુત્રી અને એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. મોભીના મોતથી પરિવાર નોધારો થઈ ગયો છે. આ ઘટનાથી ગામ અને પંથકમાં શોકનું મોજું પ્રસરી ગયું હતું.

# જૂનાગઢના મેંદરડામાં જાતિગત ભેદભાવ રાખી યુવક સાથે અત્યાચાર

**મેંદરડા પોલીસે ઘટના મામલે ૬ આરોપી વિરૂદ્ધ એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જૂનાગઢ, તા.૦૫**

જૂનાગઢના મેંદરડા પાસે એક યુવક સાથે જાતિગત ભેદભાવ રાખીને અત્યાચાર ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, ત્યારે મેંદરડા પોલીસે ઘટના મામલે ૬ આરોપી વિરૂદ્ધ એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગત ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મેંદરડાના સાત વડલાનો રહેવાસી યુવક તેના મિત્રો સાથે કારમાં માલણકા ગામેથી મેંદરડા તરફ ઝઈ રહ્યા હતા. આ દરમિયાન કસ્બા હોટલ પાસે યુવકની કાર કોઈ કારણોસર સામે આવી રહેલા બાઈક સાથે અથડાતા સામાન્ય અકસ્માત સર્જાયો હતો. જેને લઈને બાઈક ચાલક સહિતના ૬ જેટલાં લોકો એકઠા થઈ ગયા હતા અને પીડિત યુવકને જાતિ પ્રત્યે હડધૂત કરી જાતિવાદી અપશબ્દો બોલીને માર માર્યો હતો. આરોપીએ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો. સમગ્ર ઘટના મામલે પીડિત યુવકે મેંદરડા પોલીસ સ્ટેશનમાં ૬ આરોપી સામે એટ્રોસિટી એક્ટ, BNS સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. આરોપીમાં મેંદરડાના ચંપુ દરબાર અને સંદીપ કરપડા, માલણકાનો વનરાજ કરપડા, કરશનગઢ ગામના બે અને અન્ય અજાણ્યા શખસનો સમાવેશ થાય છે. કેસની વધુ તપાસ વિસાવદરના મદદનીશ પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવી રહી છે, ત્યારે પોલીસે આરોપીને ઝડપી પાડવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ખેડૂત નો ડુંગળીનો પાક બગડ્યો

# રાજકોટમાં કમોસમી વરસાદે ખેડૂતોને પાયમાલ કરી દીધા

**કમોસમી વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે, પાકને મોટું નુકસાન થતા ખેડૂતોએ સરકાર પાસે વળતરની માગ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ, તા.૦૫**

રાજકોટમાં કમોસમી વરસાદે ખેડૂતોને પાયમાલ કરી દીધા. કમોસમી વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. પાકને મોટું નુકસાન થતા ખેડૂતોએ સરકાર પાસે વળતરની માગ કરી છે. સૌરાષ્ટ્ર પંથકમાં શિયાળા સમયે કમોષ્મી માવઠું થતા ખેડૂતોના તૈયાર પાક નિષ્ફળ ગયા છે,ત્યારે જેતપુર પંથકના થાણાગાલો ગામના ખેડૂતો અત્યારે મોટી હાલાકીનો સામનો કરી રહ્યા છે.

થાણાગાલો ગામના મહેશભાઈ સાવલિયા નામના એક ખેડૂતને પોતાના ૮ વિઘાના ખેતરમાં મોંઘા ભાવના દવા, બિયારણ અને મજૂરી ખર્ચે કરીને ડુંગળીના પાકનું વાવેતર કર્યુ હતું, જેમાં એક વિધે તેઓને ૧૭ થી ૧૮ હજારનો ખર્ચે થયો હતો. અને તેઓને ડુંગળીનો સારો પાક થવાની આશા હતી પરંતુ કમોસમી વરસાદના કારણે ૮ વિઘામાં પકવેલ તૈયાર ડુંગળીનો પાક બગડી ગયો. બગડેલા પાકનું ખેડૂત વેચાણ કરે તો પણ ડુંગળી ભરવાની બોરી, ડુંગળી ચડાવ ઉત્તર વગેરેની બીજો ખર્ચ થાય અને બગડેલી ડુંગળીનો યાર્ડમાં ભાવ પણ ન મળે જેથી મહેશભાઈએ પોતાના ખેતરમાં ઘેટાં - બકરાંના ( વાઘ ) પશુને ચરાવવા માટે મૂકી દીધો. આ વર્ષે જગતનો તાત હેરાન પરેશાન થઈ રહ્યો છે.

રાજકોટ ઉપરાંત અમરેલી જિલ્લામાં પણ કમોસમી વરસાદે ખેડૂતોને પાયમાલ કર્યા છે. જગતના નાથે જગતના તાતને રોવડાવ્યા છે, પાક ટાઈમે પડેલા માવઠાના મારે કોઈને છોડ્યા નથી. જયારે વડોદરાના વાઘોડિયામા કમોસમી વરસાદથી તારાજી સર્જાઈ. દ્વારકામાં પણ કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી થઈ છે. જામ ખંભાળીયામાં વરસાદથી પાકને ભારે નુકસાન થયું. કમોસમી માવઠાના મારના કારણે જગતના તાતની મુશ્કેલીઓ વધી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવ જિલ્લા પંચાયતની...**

મતદારોને કોઈપણ જાતની પરેશાની નહીં થાય અને શાંતિપૂર્ણ રીતે પોતાના મતાધિકારનો પ્રયોગ કરી પસંદગીના ઉમેદવારને પોતાનો કિંમતી મત આપે તે માટે પ્રશાસનની ટીમ દ્વારા દરેક મતદાન મથકો ઉપર સુરક્ષા અને સુચારુ વ્યવસ્થા સાથે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

દીવ જિલ્લા પંચાયતની ત્રણેય બેઠકો પરના કુલ ૫૯.૦૯ ટકા મતદાનન થયું છે. આ ટકાવારી દર્શાવે છે કે લગભગ ૪૦% જેટલા મતદારોએ ચૂંટણીમાં ભાગ લીધો નહોતો. જો કે, મતદાન કરનારા મતદારોના આંકડા જોવામાં આવે તો કુલ ૪,૩૩૯ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આંકડાકીય વિગતો મુજબ, પુરુષોની સરખામણીએ મહિલા મતદારોનું પ્રભુત્વ વધુ જોવા મળ્યું હતું. કુલ મતદાનમાં ૨,૮૩૮ મહિલાઓએ મત આપ્યો હતો, જયારે ૧,૫૦૧ પુરુષ મતદારોએ મતદાન કર્યું હતું. આ તફાવત દર્શાવે છે કે દીવની મહિલાઓએ લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દીવમાં સમગ્ર દિવસ દરમિયાન ક્યાંય કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. પ્રશાસનના સહયોગથી જિલ્લા પંચાયતની ત્રણેય બેઠકો પરની ચૂંટણી પ્રક્રિયા શાંતિ અને સુવ્યવસ્થા વચ્ચે પૂર્ણ થઈ હતી. ત્રણેય બેઠકોના ઉમેદવારો અને તેમના સમર્થકોએ પણ પોતાના પક્ષના મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવા માટે સક્રિયતા દાખવી હતી. હવે ૪,૩૩૯ મતદારો દ્વારા અપાયેલા મતો મતપેટીમાં સીલ થઈ ગયા છે અને શનિવાર તા.૮મી નવેમ્બરના રોજ મતગણતરી હાથ ધરાશે, જેના પર તમામની નજર મંડાયેલી છે.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપીમાં વડોદરા આઈ.ટી. ટીમે ગેલેક્સી ગ્રુપ સહિત અન્ય પેઢીઓમાં સર્ચ ઓપરેશન કામગીરી હાથ ધરી

## ગેલેક્સી ગ્રુપની ઓફિસ, રહેઠાણના સ્થળો સહિત એક આંગડીયા પેઢીમાં પણ સર્ચ કામગીરી કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપીમાં વડોદરાની આઈ.ટી. ટીમે ગેલેક્સી ગૃપ તથા ટાઉનમાં એક આંગડીયા પેઢી સહિતની પેઢીઓમાં સર્ચ ઓપરેશન કામગીરી હાથ ધરતા બજારમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા.

વાપીમાં આઈ.ટી. ટીમે જાણીતા ગેલેક્સી ગૃપનાં ઓફિસ અને રહેણાંક સ્થળે તપાસ હાથ ધરી હતી. કામગીરી દરમિયાન આઈ.ટી. ટીમે પોલીસ પણ સાથે રાખી હતી. ચલા વિસ્તારની સોસાયટીમાં સર્ચ કામગીરી દરમિયાન સોસાયટીના રહીશોમાં પણ ચિંતા વહેતી તઈ હતી. યુનિટી પાર્કમાં સર્ચ કામગીરી હાથ ધરાઈ હતી. સી. વિંગમાં થઈ રહેલી કામગીરીથી સ્થાનિક ચકચાર મચી ગઈ હતી. તદઉપરાંત વાપી બજારમાં પી.એમ. એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીમાં પણ સર્ચ કામગીરી હાથ ધરાઈ હતી. ગેલેક્સી ગૃપની ઓફિસ સહિત રહેણાંકમાં સર્ચ ઓપરેશન ટીમે તપાસ કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે ઓફિસિયલ વિગતો આઈ.ટી. ટીમે આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કામગીરી પૂર્ણ થયા બાદ સાચી વિગતો બહાર આવશે તેવું હાલમાં મનાઈ રહ્યું છે.

# વલસાડના પીઠા ગામે ડી.આર.આઈ.એ રેડ કરીને ફેક્ટરીમાંથી પ્રતિબંધિત માદક કેમિકલ જથ્થો ઝડપ્યો: ચારની અટક

## નેઈલ પોલીસ બનાવવાની ફેક્ટરી હતી, મોડી રાત સુધી અધિકારીઓએ કામગીરી હાથ ધરી હતી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વલસાડ-ખેરગામ રોડ ઉપર પીઠા ગામે મંગળવારે ડી.આર.આઈ. (ડીરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ)ની ટીમે રેડ કરી હતી. એક કોમ્પ્લેક્સમાં નેઈલ પોલીસ બનાવતી કંપનીમાંથી પ્રતિબંધિત માદક પદાર્થો-કેમિકલનો જથ્થો ઝડપાયો હતો. બે મુખ્ય આરોપી સહિત બે કર્મચારી મળી ડી.આર.આઈ.ની ટીમે ચારની અટક કરી હતી. કાર્યવાહી દરમિયાન પોલીસ પણ સાથે રહી હતી.

વલસાડ નજીકના પીઠા ગામે એક કોમ્પ્લેક્સમાં ડીઆરઆઈની ટીમે કાર્યવાહી કરી હતી. જેમાં કોમ્પ્લેક્સના પહેલા માળે ત્રણ દુકાનો ભાડે રાખીને તેમાં નેઈલ પોલિશમાં વપરાતા પ્રતિબંધિત કેમિકલનું પ્રોસેસિંગ યુનિટ ચલાવવામાં આવતું હતું. કોમ્પ્લેક્સમાં ચાલતા પ્રોસેસ યુનિટ માટે એનઓસી પણ લેવામાં આવી ન હતી અને પકડાયેલા પ્રતિબંધ પ્રોહિબિટ કેમિકલ ક્યાંથી આવ્યું, કઈ કંપનીમાંથી લવાયું એ અંગે ડીઆરઆઈએ તપાસ હાથ ધરી છે. કાર્યવાહી દરમિયાન મોટા પ્રમાણમાં માદક જથ્થો મળી આવતા તમામ જથ્થો સીઝ કરાયો હતો.

પ્રતિબંધિત માદક પદાર્થો અને કેમિકલનો જથ્થો કેમ રાખવામાં આવ્યો હતો તેની સાચી વિગતો તપાસ અને પૂછપરછ બાદ જ બહાર આવશે. હાલ તો ૪ આરોપીઓને ડી.આઈ.એ.ની ટીમ સાથે લઈ ગઈ છે. માદક પદાર્થ હેરાફેરી કરતા તત્ત્વોમાં ડી.આર.આઈ.ની કામગીરી બાદ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પારડીના ખુંટેજ ગામે તાંત્રિકે ૫ કરોડ બનાવી આપવાની સલાહ આપી ૨.૧૫ લાખ પડાવ્યાની ઘટનાનો ફરાર તાંત્રિક ઝડપાયો



## તાંત્રિક અનવર ઘીમા અંધશ્રદ્ધાની જાળ પાથરી ભોગ બનનાર પાસે ૨.૧૫ લાખ પડાવી ફરાર થઈ ગયો હતો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

પારડીના ખુટેજ ગામે બે દિવસે પહેલા નોટો બનાવી આપવાની લાલચ આપી એક ઈસમને અંધશ્રધ્ધામાં નાંખી ૫ કરોડ મળવાની લાલચમાં તાંત્રિકને ૨.૧૫ લાખ આપી દીધા. ડુપ્લીકેટ નોટના ૫ બંડલ પકડાવી તાંત્રિક ફરાર થઈ ગયો હતો. બંડલ ખોલતા બનાવટી નોટ નિકળતા ઈસમને છેતરાયાની જાણ થતા પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં ફરાર તાંત્રિકને ઝડપી પાડી જેલના પાંજરામાં નાંખી દીધો હતો.

લોભીયા હોય ત્યાં ધુરાતા ભૂખે ન મરે કહેવત ખુટેજ ગામે સાચી પડી હતી. ખુટેજમાં રહેતા ઈસમને એક તાંત્રિકે ૫ કરોડ બનાવી આપવાની લાલચ આપી અંધશ્રદ્ધામાં નાંખી દીધો, ત્યારબાદ ઈમસના ઘરે તાંત્રિકે શેમ્પુ, ગુલાબજળ, સાબુ નોટોના પાંચ બંડલ ઉપર નાંખી વિધી કર્યાનો ડોળ કર્યો હતો. પાંચ નોટના બંડલ પધરાવી તાંત્રિક ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ ભોગ બનનાર ઈસમે બંડલ ખોલતા ઉપર ઉપર ૫૦૦ અને ૨૦ની નોટ ગોઠવી હતી. અંદરની નોટ ચિલ્ડ્રન બેંકની બનાવટી નોટો નિકળતા ભોગ બનનારને છેતરપીંડી થઈ હોવાની અહેસાસ થયો હતો.

બાદમાં પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં ફરાર તાંત્રિકને અનવર ધીમાને ઝડપી પાડી જેલના પાંજરામાં પુરી દીધો હતો. ૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધામાં લોકો કેવા ભોગ બને છે તેવી વાસ્તવીક સાબિત કરતી ઘટનાનો પોલીસ સતર્કતાના કારણે પર્દાફાશ થયો હતો.

# સોનવાડા આશ્રમશાળા ખાતે આર્ટ ઓફ લિવિંગ ડુંગરી શાખાના ઉપક્રમે ચાર દિવસની ધ્યાન યોગ શિબિર યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકર દ્વારા પ્રેરિત વલસાડ ડુંગરીની આર્ટ ઓફ લિવિંગ શાખા દ્વારા શ્રીમતી પૂર્વશી બહેન પટેલ દ્વારા સંચાલિત ધ્યાન શિબિરનું આયોજન ડુંગરી (વલસાડ) સોનવાડા આશ્રમ શાળામાં તારીખ ૩૦ ઓક્ટોબરથી ૨જી નવેમ્બર દરમિયાન થયું હતું.

અંતરતમ વિકસિત કરનાર એડવાન્સ મેડિટેશન કોર્સ અંતર્ગત પ્રાણાયમ, ધ્યાન, યોગા, જ્ઞાન, ઉપલબ્ધ કરવામાં આવ્યું હતું. જે થકી પ્રસન્ન ચિત્ત રાખી ક્રોધ, અહંકાર, મોહ, માયા પારકી પંચાત, બિનજરૂરી હરીફાઈ, ઉદાસીનતા, ચિંતા, માનસિક તણાવમાંથી મુક્તિ મેળવી નકારાત્મક વિચારોનું સકારાત્મક વિચારોમાં પરિવર્તન કરી સર્જનાત્મક વલણ થકી આત્મબળ મજબૂત કરી માનસિક તથા શારીરિક તંદુરસ્તી પ્રાપ્ત થતી હોય છે.

આર્ટ ઓફ લિવિંગ સંસ્થા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ધોરણે બાળકોથી માંડી વૃદ્ધ સુધીના બધા જ પ્રકારના વયસ્કો માટે વિવિધ પ્રકારના પ્રોજેક્ટ દ્વારા સામાજિક ઉત્થાન માટે સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા કાર્યરત રહે છે.

પ્રતિ વર્ષ આયોજિત શિબિરમાં અંતર્ગત ૪૩ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.

આર્ટ ઓફ લિવિંગના વરિષ્ઠ શિક્ષક જેઓ છેલ્લા ૩૦ વર્ષથી સંસ્થા સહ કાર્યરત છે એવાં દીદી શૈલજાબેન શુક્લ દ્વારા સહજ તથા સરળ રીતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ભરબપોરે ફાનસ લઈને ફરતો ડાયોજનિસ: શું આજના યુગમાં માણસાઈ 'ખોવાઈ' ગઈ છે?

## માણસ પક્ષીની જેમ આકાશમાં ઉડતા શીખ્યો, માછલીની જેમ પાણીમાં તરતા શીખ્યો, પરંતુ માણસ માણસની જેમ પૃથ્વી પર ચાલતા ક્યાં શીખ્યો છે? એક જ ધરતી પર રહેતા માનવીએ ભાષા, દેશ, જાતિ અને ધર્મની સીમાઓ બનાવી અને પોતે જ પોતાની જાળમાં ફસાઈ ગયો છે!

### સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

સીમિત જીવનમાં ક્યાં સુધી માણસાઈ સાથે ચેડાં કરતાં રહીશું?

સમયની પાબંદીમાં જીવતો મનુષ્ય માણસાઈ લાવવા માટે પ્રયત્ન કરશે ખરો? એક દિવસ, આ જ પ્રશ્ન એથેન્સનની બજારમાં ભરબપોરે ફાનસ લઈને ફરતા એક વૃદ્ધે પૂછી લીધો...!

એથેન્સની બજારમાં એક કૌતૂક

ગ્રીસ દેશની રાજધાની એથેન્સની વાત છે.

એક દિવસ ભરબપોરે એથેન્સની બજારમાં ઊડતું પંખી પણ તરફડી મરે તેવા તાપ સાથે સૂર્યદેવ જાણે આકાશમાં થંભી ગયા હતા. આખું શહેર ઉજાસથી ઝળહળતું હતું. તાપથી બચવા લોકો છત્રી કે ટોપીનો આશરો લઈ ખરીદી કરી રહ્યા હતા. વ્યાપારની વ્યસ્તતામાં કોઈ કોઈને જોવા કે સાંભળવા રાજી ન હતા.

તેવામાં બજારમાં એક કૌતૂક સર્જાયું.

ગાંડા જેવો દેખાતો, લાંબી દાઢી વાળો એક વૃદ્ધ હાથમાં સળગતું ફાનસ લઈને ફરતો હતો. કપાળ પર હથેળીની છાજલી કરી કંઈ શોધતો હોય તેવું લાગતું હતું. પરસેવાથી રેબઝેબ આ વૃદ્ધ કંઈક ખોવાયેલી વસ્તુની ખોજમાં હોય તેમ બાવરો બની ગયો હતો. લોકો કૂતુહલતાથી તેની વિચિત્ર ચેષ્ટા જોઈ આપસમાં ગણગણતા હતાં.

**માણસની શોધમાં મહાચિંતક ડાયોજનિસ**

પોતાની જિજ્ઞાસાને શાંત કરવા ભીડમાંથી રસ્તો કાઢતો એક સજ્જન તે વૃદ્ધ પાસે પહોંચી ગયો.

'અરે મહાશય! આ ભરબપોરે ફાનસ લઈને શું શોધી રહ્યાં છો?'

વૃદ્ધે શાંત સ્વરે પણ ખૂબ દૃઢતાથી જવાબ આપ્યો: 'અરે ભાઈ, આ મોહમાયાના અંધકારમાં સૂર્યનો પ્રકાશ પૂરતો લાગતો નથી, કારણ કે અહીં કોઈ માણસ મળતો નથી! એટલે આ ફાનસનો વધારાનો પ્રકાશ કદાચ મદદરૂપ થઈ શકે!'

આ વ્યંગાત્મક વાક્યથી માનવ મહેરામણમાં હાસ્યનું મોજું ફરી વળ્યું!

ત્યાં જ કોઈ વચ્ચેથી બોલ્યું, 'આ બજારમાં આટલાં બધાં માણસો તો છે! કેટલાં જોઈએ છે?'

'માણસ તો ઘણાં બધાં દેખાય છે, પરંતુ માણસાઈ ક્યાં દેખાય છે? કદાચ ફાનસના પ્રકાશથી તે મળી આવે તો સારું!'

વૃદ્ધના શબ્દોનો પડઘો સાંભળી સૌ અચંબિત થઈ ગયા! સૌ મોં વકાસીને એકબીજાને જોવા લાગ્યા. હવે તો તેઓનું હાસ્ય પેલાં વૃદ્ધ માટે ખરેખર હાસ્યસ્પદ બની ગયું!

ત્યાં જ એક સજ્જને તે વૃદ્ધને ઓળખી કાઢ્યા: ''ઓહો! આ તો મહાચિંતક સોક્રેટિસના શિષ્ય ડાયોજનિસ!''

ડાયોજનિસે ખડખડાટ હસીને ફાનસ આંગળીથી થોડું ઊંચું કર્યું અને સૌને કહ્યું, 'આ સૂર્યનો પ્રકાશ તો માત્ર શરીરોને દેખાડે છે, પરંતુ આ ફાનસ કદાચ મનુષ્યના હૃદયના અજવાળા સુધી પહોંચવામાં મદદ કરી શકે!'

**યુગો બદલાયા પણ માનવવૃત્તિ નહીં**

આ સાંભળી લોકો ચૂપ થઈ ગયા, કારણ કે એ શબ્દોમાં કડવું સત્ય હતું. માણસની ઊંચાઈ તેની બુદ્ધિ કે સ્થાનમાં નથી, પરંતુ માણસાઈમાં છે. ભારતીય શાસ્ત્રોમાં પણ 'મનુર્ભવ' - 'માણસ બનો' એમ કહેવામાં આવ્યું છે.

માણસ પક્ષીની જેમ આકાશમાં ઉડતા શીખ્યો, માછલીની જેમ પાણીમાં તરતા શીખ્યો, પરંતુ માણસ માણસની જેમ પૃથ્વી પર ચાલતા ક્યાં શીખ્યો છે? એક જ ધરતી પર રહેતા માનવીએ ભાષા, દેશ, જાતિ અને ધર્મની સીમાઓ બનાવી અને પોતે જ પોતાની જાળમાં ફસાઈ ગયો છે!

પાષણ યુગમાં પથ્થરોથી, લોહયુગમાં શસ્ત્રોથી અને વર્તમાનમાં મિસાઈલ અને અણુશસ્ત્રોથી લડવાની માનવવૃત્તિ બદલાઈ નથી. યુગો બદલાયા છતાં માનવ તેનો અહંકાર છોડી શક્યો નથી.

આજે માણસ પાસે બધું છે: ટેકનોલોજી, આરામ, સંપત્તિ, સત્તા... તેમ છતાં માણસાઈ નથી. શું આપણે અખબારોમાં ભ્રષ્ટાચાર, ક્રૂરતા અને બેદરકારીથી થતા અકસ્માતોના સમાચારો નથી વાંચતા? અન્યનો નાશ કરી પોતાના સ્વાર્થની જમાવટ કરનારને ભાઈચારો ક્યાંથી નજરે ચડે? સંપ, સૃહદ્‌ભાવ અને એકતાની વાતો હવે માનવી માટે સ્વપ્નવત્ થઈ ગઈ છે.

**જીવનનું સાચું મૂલ્ય**

મહાપુરુષો કહે છે: 'જીવનનું મૂલ્ય તેની લંબાઈથી નહીં, પરંતુ દિશાથી નક્કી થાય છે. આપણે કેટલા વર્ષ જીવ્યા તે મહત્વનું નથી, પરંતુ કેવી રીતે જીવ્યા તે જ મહત્વનું છે.

માણસનું સાચું મૂલ્ય એમાં નથી કે તે દુનિયામાંથી શું મેળવે છે, પરંતુ તે દુનિયાને શું આપે છે? તે અગત્યનું છે. સચ્ચાઈ, કરુણા અને નિ:સ્વાર્થભાવ - આ ગુણો જ જીવનને મૂલ્યવાન બનાવે છે.

જેમ સંગીતમાં સૂરોનો સમન્વય જરૂરી હોય છે, તેમ દરેક માનવનું અસ્તિત્વ સમાજના સંગીતમાં તાલબદ્ધ હોવું અનિવાર્ય છે.

તમારું જીવન કોઈ સંયોગ નથી - તે ભગવાનની એક ખાસ યોજના છે. જીવન પ્રભુનો આપેલો ઉપહાર છે, 'તેનો ઉપકાર માની સદાચારી બની જીવન જીવીએ,' તે આપણા તરફથી પ્રભુને આપેલો ઉપહાર છે!

સીમિત જીવનમાં ક્યાં સુધી માણસાઈ સાથે ચેડાં કરતાં રહીશું?

સમયની પાબંદીમાં જીવતો મનુષ્ય માણસાઈ લાવવા માટે પ્રયત્ન કરશે ખરો?

ડાયોજનિસનું ફાનસ આજે પણ આપણું મન પ્રકાશિત કરવા રાહ જૂએ છે... માણસાઈને શોધવાનું ફાનસ હવે દરેક હૃદયમાં પ્રજ્વલિત હોવું જરૂરી નથી લાગતું? જાગો, જાગો.

# વાપી ડુંગરામાં શ્રીમદ્ ભાગવત કથા યોજાઈ: મોટી સંખ્યામાં ગ્રામજનોએ કથાનું રસપાન કર્યું

## પૂજ્ય દેવ બાપુ ખેરગામવાળાએ વ્યાસપીઠ ઉપરથી સાત દિવસીય કથાનું દિવ્ય કથા રસપાન કરાવ્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી ડુંગરામાં શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગત તા.૩૦થી શરૂ થયેલી ભાગવત કથાનો આજે બુધવારે વિરામ અપાયો હતો. ભાગવત કથાની વ્યાસપીઠ ઉપર પૂ.દેવબાપુ ખેરગામવાળાએ ભાગવતના દિવ્ય પ્રસંગો સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે કથાનું રસપાન કરાયું હતું.

જે.ડી.પરિવાર અને શ્રી દર્પણભાઈ દેસાઈ દ્વારા ભાગવત કથાનું ભવ્ય આયોજન કરાયું હતું. જે.ડી.હોલ દેસાઈ વાડ મહાનગર પાલિકા ઝોન ઓફિસ સામે ભાગવત કથા સપ્તાહ યોજાઈ હતી. કથાનો પ્રારંભ ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી નિતેશભાઈ દેસાઈના હસ્તે થયો હતો. કથા દરમિયાન રૂક્ષ્મણી વિવાહ, કૃષ્ણજન્મ જેવા ધાર્મિક કાર્યક્રમો થકી શ્રોતા મંત્રમુગ્ધ બન્યા હતા.

ભાગવત કથાકાર પૂ.દેવબાપુએ તેમની મધુરવાણીથી અનેક ઉદાહરણો સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. સાત દિવસીય કથા થકી સમગ્ર ડુંગરામાં ધાર્મિક સહિત આધ્યાત્મિક માહોલ છવાઈ ગયો હતો.

# રાજ્ય સરકાર દ્વારા ૯ નવેમ્બરથી મગફળી, અડદ, મગ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૫**

રાજ્ય સરકાર દ્વારા ૯ નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

ખેડૂતો પાસેથી આ અંગે વાત કરતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ કે રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની આગામી તા. ૯ નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ટેકાના ભાવમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૮૦, અડદના ભાવમાં રૂ. ૪૦૦ અને સોયાબીનના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૩૬ નો ભાવવધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારા સાથેનો પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત ચાલુ સીઝનમાં રાજ્યના ખેડૂતો પાસેથી આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી રાજ્યના ખેડૂતોએ ઓછા બજાર ભાવમાં પોતાની જણષ વેચવી નહીં પડે. રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને મગફળી મગ, અડદ અને સોયાબીન માટે ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે, જ્યાંથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જરૂરિયાત જણાય તો કેન્દ્રોની સંખ્યા હજુ પણ વધારવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતસરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૭,૨૬૩ પ્રતિ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૬૮ પ્રતિ કિવ., અડદનો ટેકનો ભાવ રૂ. ૭,૮૦૦ પ્રતિ કિવ. અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. ૫,૩૨૮ પ્રતિ કિવ. ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો.